# તોરણ ૩

## ગુજરાતી શિક્ષક માર્ગદર્શિકા

ડૉ. સેજલકુમાર નાયક
એમ.એ., પીએચ.ડી.

Harbour Press
INTERNATIONAL

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | પ્રવેશોત્સવ (કાવ્ય) | ૦૩ |
| ૨. | સાહસી પંખી | ૦૭ |
| ૩. | કુકુ કોયલની ઈચ્છા | ૧૧ |
| ૪. | કાળો કાગડો (કાવ્ય) | ૧૪ |
| ૫. | ચાલો બગીચામાં ફરવા જઈએ | ૧૮ |
| ૬. | ઈ-બુક | ૨૨ |
| ૭. | દિવાળી (કાવ્ય) | ૨૬ |
| ૮. | ગૌરી ગાય | ૩૦ |
| ૯. | પવન દેવનો અહંકાર | ૩૪ |
| ૧૦. | મારે ગુજરાતી ભણવું છે (કાવ્ય) | ૩૮ |
| ૧૧. | ચાલો, ગુજરાતી અંકો સમજીએ | ૪૧ |
| ૧૨. | દાદા વહાલા (કાવ્ય) | ૪૨ |
| ૧૩. | જળનું મૂલ્ય | ૪૫ |
| ૧૪. | આ વાત કદી ના ભૂલાય (કાવ્ય) | ૪૯ |
| ૧૫. | ગુજરાતી + અંગ્રેજી મહિના | ૫૨ |

# ૧ પ્રવેશોત્સવ

## કાવ્યની રૂપરેખા

પ્રવેશોત્સવ → શાળાનો પ્રથમ દિવસ

(૧) શાળામાં બાળકને અલગ અલગ વસ્તુઓ બોલાવે છે.

(૨) બાળકને કોણ કોણ બોલાવે છે તેની વાત મમ્મીને કહે છે.

(૩) બાળકને શાળામાં ઘંટ, શિક્ષક, ઝાડ, વર્ગખંડ, પંખીઓ વગેરે બોલાવે છે.

(૪) વિદ્યાર્થીને શાળામાં જવાની તીવ્ર ઈચ્છા છે.

(૫) બાળક અંતે મમ્મીને તેનો પ્રવેશોત્સવ છે, એવું યાદ કરાવે છે.

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ શાળા પ્રત્યે આદર વિકસાવશે.
૨) વિદ્યાર્થીઓ નવા શબ્દથી પરિચિત થશે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ કાવ્યનું ગાન કરશે.
૨) વિદ્યાર્થીઓ શાળા પ્રત્યે સકારાત્મક અભિગમ વિકસાવશે.
૩) વિદ્યાર્થીઓની શ્રવણ અને કથનશૈલીનો વિકાસ થશે.

## પ્રેરણા

૧) શિક્ષક વિદ્યાર્થીઓને તેમનાં પ્રથમ દિવસ વિશે પૂછશે તે વિશે ચર્ચા કરીને અજ્ઞાન જ્ઞાન સુધી લઈ જશે.
૨) શિક્ષક શાળાનું કાવ્ય ''મારી વહાલુડી શાળા'' કાવ્ય Youtube પર બતાવશે.

## શિક્ષણ પ્રવૃત્તિ (Teaching Methodology)

**પ્રશ્નો :**

૧) તમને શાળામાં જવુ શા માટે ગમે છે?
૨) તમને શાળામાં સૌથી વધુ કઈ પ્રવૃત્તિ ગમે છે?
૩) તમારા ધોરણ-૧ના પ્રથમ દિવસનું વર્ણન કરો.

## રચનાત્મક કાર્ય

૧) શિક્ષક શાળામાં કાવ્યને આધારે બાળકોને બોલાવાતી બધી વસ્તુઓના નામ પૂછશે.
૨) વિદ્યાર્થીના નામના આધારે શિક્ષક કાવ્યની ચર્ચા કરશે.
૩) વિદ્યાર્થીઓને કાવ્યમાં ઉલ્લેખ થયેલી વસ્તુઓ સિવાય બીજી કઈ કઈ વસ્તુઓ બોલાવી શકે? તે વિશે વિદ્યાર્થીઓને ચર્ચા કરવા કહેશે.

૪) વિદ્યાર્થીઓને ચર્ચામાં જરૂર પડે ત્યારે શિક્ષક મદદ કરશે.
૫) શિક્ષિકા મદદકર્તાની ભૂમિકા ભજવશે.

## પ્રતિભાવ (Feedback)

૧) ઉચ્ચારણની ખામીઓનું નિવારણ
૨) ઉત્તમ કાર્યની પ્રશંસા
૩) ખામીઓમાં સૂચના અને સુધારો કરાવવો.

## મુલ્યાંકનના આધાર બિંદુ

૧) આત્મવિશ્વાસ
૨) ઉચ્ચારણની શુદ્ધતા અને સ્પષ્ટતા
૩) વાક્યરચના

## સામાન્ય ત્રૂટીઓ

૧) કાવ્યના ઉચ્ચારણમાં ત્રૂટીઓ રહેવી
૨) માત્રાની ઓળખાણમાં ભૂલ કરવી.

## સમસ્યા નિવારણ

૧) વિદ્યાર્થીઓને યોગ્ય શબ્દ અને માત્રાની સમજણ આપી સમસ્યાનું નિવારણ કરવું.
૨) વિદ્યાર્થીઓને શબ્દનું ઉચ્ચારણ સતત પાંચ થી દસ વખત કરાવવું.

## અંતઃ વિષય દૃષ્ટિકોણ

૧) આ કાવ્યમાં વિદ્યાર્થીઓને શાળાના દરેક વિષય સાથે સાંકળીને સમજાવી શકાશે.

## પ્રવૃત્તિ

નીચે આપેલા શબ્દોનો ઉપયોગ કરી તમારી કલ્પનાની શાળા વિશે લખો.
૧) મંદિર, રમત, વર્ગ, ઝાડ, ઘંટ

## રચનાત્મક અભિગમ - વિદ્યાર્થીઓની ક્ષમતા આધારિત

### સામાન્ય વિદ્યાર્થીઓ

૧) તમારી શાળાનું નામ લખો.
૨) વર્ગમાં કઈ કઈ વસ્તુઓ હોય છે?
૩) તમને ગમતા વિષય વિશે લખો.

### મધ્યમ વિદ્યાર્થીઓ

૧) શાળામાં કયાં કયાં વિષય ભણાવવામાં આવે છે?
૨) શાળામાં ઈત્તર પ્રવૃત્તિ કઈ કઈ થાય છે?
૩) શાળામાં કયાં કયાં સાંસ્કૃતિક કાર્યક્રમ થાય છે?

### ઉત્તમ વિદ્યાર્થીઓ

૧) શાળાના તમને ગમતા શિક્ષક વિશે લખો.
૨) કાવ્યમાં વપરાયેલી સંજ્ઞા શોધીને લખો.
૩) શાળામાં સ્વચ્છતા જાળવવા તમે કયા પ્રયાસ કરશો?

## ગૃહકાર્ય

૧) તમારા મિત્ર જે જુદી જુદી શાળામાં ભણે છે તે શાળાના નામ લખો. તેમને શું શીખવા મળ્યું તે વિશે લખો. તેમને પૂછીને તમારી નોંધપોથીમાં લખો.

## કાર્ય-પત્રિકા-૧

**પ્ર.૧ શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

૧) નિશાળ ૨) સખી ૩) બાળક ૪) મમ્મી ૫) શિક્ષક

**પ્ર.૨ નીચેના વાક્યમાંથી સંજ્ઞા શોધીને લખો.**

૧) મને બોલાવે મારી નિશાળ ૨) મને બોલાવે મારા શિક્ષક
૩) મને બોલાવે સખીઓ ૪) મને બોલાવે ઝાડ ૫) મને બોલાવે વર્ગખંડ

## કાર્ય-પત્રિકા-૨

**પ્ર.૧ મૂળાક્ષરનો ઉપયોગ કરી બે-બે શબ્દો બનાવો.**

૧) પ ૨) ચ ૩) ર ૪) ક ૫) ગ

**પ્ર.૨ નીચેના શબ્દોની જાતિ બદલો.**

૧) મમ્મી ૨) દાદા ૩) મામા ૪) માસી ૫) ફોઈ

## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ જવાબની શોધખોળ**

૧) બાળક તેની મમ્મી સાથે વાત કરે છે.
૨) શાળામાં ઘંટ વાગે ત્યારે પિરિયડ બદલાયાનો અથવા રિસેશનો સંકેત મળે છે.
૩) બાળકને નિશાળમાં ઘંટ, શિક્ષિકા બેન, ઝાડ, વર્ગખંડ, બાગ, સખીઓ અને પ્રવેશોત્સવ બોલાવે છે.
૪) આજે બાળકનો શાળામાં પ્રવેશોત્સવ છે.
૫) પ્રવેશોત્સવ એટલે નવા સત્રમાં બાળકના પ્રથમ દિવસના પ્રવેશને પ્રવેશોત્સવ કહેવાય.
૬) વિદ્યાર્થીઓ પોતાની રીતે લખશે.
૭) વિદ્યાર્થીઓ પોતાની રીતે લખશે.
૮) વિદ્યાર્થીઓ પોતાની રીતે લખશે.

**જ.૨ સમાનાર્થી શબ્દની શોધખોળ**

૧) નિશાળ ૨) વૃક્ષ ૩) ગુરુજી ૪) ઉપવન ૫) મિત્ર/બહેનપણી

**જ.૩ કાવ્યપંક્તિ પૂર્ણ કરો.**

૧) મમ્મી, મને બોલાવે મારા નિશાળનો ઘંટ રે ૨) મમ્મી, મને બોલાવે નિશાળના ઝાડ રે
૩) મમ્મી આજે મારો પ્રવેશોત્સવ રે ૪) મમ્મી મને બોલાવે નિશાળના વર્ગખંડ રે

**જ.૪ નીચેની વસ્તુઓમાંથી કઈ વસ્તુઓ શાળામાં હોય છે તે નીચેના તોરણમાં લખો.**

ચૉક, ડસ્ટર, સ્કૂલ બસ, પટ્ટાવાળા, શિક્ષિકા, વૉટર કુલર

**જ.૫ વિદ્યાર્થીઓ પોતાની રીતે ચિત્ર દોરી રંગ પૂરશે.**

**જ.૬ વિદ્યાર્થીઓ પોતાની શાળાનું વર્ણન પોતાના શબ્દોમાં કરશે.**

**જ.૭ તમને તમારી શાળામાંથી શું શીખવા મળે તેની યાદી બનાવો.**

મૂલ્ય, અંગ્રેજી, અભિવાદ, ગુજરાતી, વડીલોનું સમ્માન, સમાજશાસ્ત્ર, વિજ્ઞાન, સ્વચ્છતા, રમત, ગણિત શિસ્ત, પ્રામાણિકતા, આત્મવિશ્વાસ, સંપ, યોગ વગેરે શીખવાડવામાં આવે છે.

**જ.૮ આપેલું ચિત્ર જોઈને ધ્યાનથી નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.**

૧) નાયક શાળા ૨) રાધા ૩) રામ

૪) ચિત્રમાં રિક્ષા, બસ અને સાઇકલ દેખાય છે ૫) રિક્ષામાંથી ૬) સાઇકલ

**જ.૯ આપેલા ચિત્રના જવાબમાં વાહનોનાં નામ અને વ્યક્તિનાં નામ આવશે. જેને નીચેના કોઠામાં જુદા પાડો.**

| **વ્યક્તિના નામ** | **વાહનોનાં નામ** |
|---|---|
| ૧) રામ | ૧) રિક્ષા |
| ૨) રાધા | ૨) બસ |
| | ૩) સાઇકલ |

## કાર્ય-પત્રિકા જવાબ - ૧

**જ.૧ શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

૧) મારી નિશાળ મને ગમે છે.

૨) મારી સખીનું નામ રાધા છે.

૩) બાળક ઝાડ પાસે ઊભો છે.

૪) મારી મમ્મી મને વહાલી છે.

૫) મારા શિક્ષકનું નામ અજીતા છે.

**જ.૨ નીચેના વાક્યમાંથી સંજ્ઞા શોધીને લખો.**

૧) નિશાળ ૨) શિક્ષક ૩) સખીઓ ૪) ઝાડ ૫) વર્ગખંડ

## કાર્ય-પત્રિકા જવાબ - ૨

**જ.૧ મૂળાક્ષરનો ઉપયોગ કરી બે-બે શબ્દો બનાવો.**

૧) પરી પગ ૨) ચમચી ચકલી ૩) રમત રમ

૪) કમળ કલરવ ૫) ગમન ગરમ

**જ.૨ નીચેના શબ્દોની જાતિ બદલો.**

૧) પપ્પા ૨) દાદી ૩) મામી ૪) માસા ૫) ફુઆ

# ૨ સાહસી પંખી

## પાઠની રૂપરેખા

પંખી – પક્ષી + વિહંગ

સાહસી હિંમતવાળો

(૧) જંગલમાં દવ લાગવો.

(૨) પક્ષીઓનું ભાગવું.

(૩) નાનકડા પક્ષીને વિચાર આવવો.

(૪) પાણી દ્વારા આગ ઓલવવી.

(૫) સિંહ રાજા દ્વારા પક્ષીને નિહાળવું.

(૬) નાનકડા પક્ષી પાસેથી પ્રેરણા લઈ હળીમળીને આગ ઓલવવી.

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) પાણીનું મહત્ત્વ સમજશે.

૨) એકતાનું મહત્ત્વ સમજશે.

૩) નવા શબ્દોનો પરિચય મેળવશે.

૪) શ્રમનું મહત્ત્વ સમજશે.

૫) સંકટ સમયે બુદ્ધિનો ઉપયોગ કરવો.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) ભાષાકિય ક્ષમતાનો વિકાસ થશે.

૨) જીવનમાં હકારાત્મક વલણ કેળવશે.

૩) ઉચ્ચારણ ક્ષમતાનો વિકાસ થશે.

૪) કથન, શ્રવણ અને વાંચન શૈલીનો વિકાસ થશે.

## જીવન મૂલ્ય

૧) શિક્ષક વિદ્યાર્થીઓને 'વૃક્ષરક્ષા' સંભળાવશે. એકતા અને હળી મળીને રહેવાથી થતા ફાયદા વિશે સમજાવશે.

૨) શિક્ષક વિદ્યાર્થીઓને Youtube પરથી ચાર પુત્રની વાર્તા બતાવશે.

## શિક્ષણ પ્રવૃત્તિ

૧) સાહસ એટલે શું?

૨) હળીમળીને કાર્ય કરવાથી કયા કયા ફાયદા થાય છે? તે લખો.

૩) એકતામાં કઈ તાકાત છે? તે કહો?

## સમૂહ કાર્ય

૧) શિક્ષક વિદ્યાર્થીઓને જુદા જુદા ચાર સમૂહમાં વિભાજિત કરશે.
૨) વિદ્યાર્થીઓ જુદા જુદા સમૂહમાં બેસીને પાઠનું મૌનવાંચન કરશે.
૩) મૌનવાંચનના આધારે વિદ્યાર્થીઓ પાઠના મહત્ત્વના મુદ્દાની ચર્ચા કરશે.
૪) વિદ્યાર્થીઓ મુદ્દાના આધારે પાઠની સમજણ મેળવશે.
૫) શિક્ષક વિદ્યાર્થીઓને જરૂર પડે ત્યારે મદદ કરશે.
૬) શિક્ષક વિદ્યાર્થીઓના સ્વ-અધ્યયન પર ભાર મૂકશે.

## સામાન્ય વિદ્યાર્થીઓ માટે

૧) જંગલમાં કોણ કોણ રહે છે?
૨) પક્ષીઓનાં ચાર નામ લખો.
૩) આ પાઠને તમારુ શીર્ષક આપો.

## મધ્યમ વિદ્યાર્થીઓ માટે

૧) તમે નાનકડુ પક્ષી હોત તો શું કરત?
૨) આજકાલ જંગલ કેમ નષ્ટ થઈ રહ્યાં છે?
૩) આ પાઠમાંથી તમને શું શીખવા મળ્યું?

## ઉત્તમ વિદ્યાર્થીઓ માટે

૧) ‘જંગલ મનુષ્ય માટે વરદાન સ્વરૂપ છે’ તે વિશે લખો.
૨) ‘જો ઝાડ ન હોત’ તો શું થાત? તે વિશે લખો.

## ગૃહકાર્ય

- કોઈ પણ પાંચ પક્ષીઓનાં નામ લખો.

## અંતઃ વિષય દૃષ્ટિકોણ

- શિક્ષક વિદ્યાર્થીઓને ‘દવ’ ની પ્રક્રિયાને વૈજ્ઞાનિક ધોરણે વિજ્ઞાન વિષય આધારે સમજાવશે.
- સમસ્યા નિવારણ
- શિક્ષક નવા શબ્દનું ઉચ્ચારણ કરાવશે.
- માત્રાની સમજણ વધુ સ્પષ્ટ કરશે.

## સામાન્ય ત્રૂટીઓ

૧) નવા શબ્દના ઉચ્ચારણમાં સમસ્યા ઉદ્‌ભવી
૨) માત્રાની ઓળખમાં સમસ્યા ઉદ્‌ભવી.

## મૂલ્યાંકનના આધાર બિંદુ

૧) આત્મવિશ્વાસ
૨) ભાષાશૈલી
૩) ઉચ્ચારણ શુદ્ધતા

## પ્રતિભાવ (Feedback)

૧) ચર્ચાની રજૂઆત
૨) ઉત્તમ રજૂઆતની પ્રશંસા

## પ્રવૃત્તિ

- નીચેના ચોરસમાં તમને ગમતું કોઈ પણ એક પક્ષીનું ચિત્ર બનાવી તેમાં રંગ પૂરો.

## કાર્ય-પત્રિકા-૧

**પ્ર.૧ નીચે આપેલા ગુણો પસંદ કરી નાનકડા પક્ષી વિશે લખો.**

૧) મહેનતું  ૨) શ્રમવાળુ  ૩) સમસ્યાનું નિવારણ  ૪) સાહસી

**પ્ર.૨ ખાલી જગ્યા પૂરો.**

૧) દવ .................... લઈ રહ્યો હતો. (ભડકો, મડકો, ચડકો)

૨) પક્ષી .................... માંથી પાણી લાવતું હતું. (તળાવ, દરિયો, નદી)

૩) પક્ષી .................... માં પાણી લાવતું હતું. (ચાંચ, પાંખ, થેલી)

૪) પ્રાણીઓ પોતાનો અને ................ નો જીવ બચાવી રહ્યા હતા. (બચ્ચા, માતા, પિતા)

## કાર્ય-પત્રિકા-૨

**પ્ર.૧ કોલાજ વર્ક, જંગલ.**

**પ્ર.૨ શબ્દ નિર્માણ 'ગ', 'પ', 'ક'નો ઉપયોગ કરી અર્થપૂર્ણ શબ્દ બનાવો.**

ઉ.દા. - પગ, કર

૧) ........  ૧) ........  ૨) ........  ૨) ........

૩) ........  ૩) ........  ૪) ........  ૪) ........

**પ્ર.૩ કોઈ પણ એક પક્ષીનો માળો બનાવો અને તેમાં રંગ પૂરો.**

## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ જવાબની શોધખોળ**

૧) જંગલમાં દવ લાગ્યો હતો.
૨) પશુ-પંખીઓ આગ લાગી હોવાથી પોતાનો જીવ બચાવવા દોડી રહ્યા હતા.
૩) પક્ષીના મનમાં દવ ઓલવવાનો વિચાર આવ્યો હતો.
૪) પક્ષીએ સિંહને ઉત્સાહપૂર્વક કહ્યું, ''કે ધીરે ધીરે પણ જરૂરથી આગ ઓલવીશ.''
૫) સિંહને નાનકડા પક્ષીને મદદ કરવાનો વિચાર આવ્યો હતો.
૬) જંગલના પશુ-પંખીએ સાથે મળીને દવ ઓલવવાનું કાર્ય કર્યુ હતું.
૭) આ પાઠમાંથી બોધ મળે છે કે,
(૧) ગમે તેટલું મુશ્કેલ કાર્ય પોતાની હિંમતથી પૂરું કરી શકાય છે.

**જ.૨ સમાનાર્થી શબ્દની શોધખોળ**

૧) જંગલમાં લાગેલી આગ  ૨) પશુ  ૩) ખગ  ૪) સરોવર  ૫) કોશિશ
૬) વન  ૭) સાવજ  ૮) જળ  ૯) ઉત્તર  ૧૦) પક્ષી

**જ.૩ વિરોધી શબ્દની શોધખોળ**

૧) મોટું  ૨) જવાબ  ૩) પાસે  ૪) મુશ્કેલ

**જ.૪ નીચે આપેલા ચિત્રને ઓળખી તેનાં નામ લખો.**

૧) સિંહ ૨) સસલું ૩) કમળ ૪) ઘર

**જ.૫** ૧) સિંહ જંગલી પ્રાણી છે.

૨) સિંહનો રંગ કેસરી હોય છે.

૩) સિંહને મોટું માથું અને તેની ડોકે વાળ હોય છે. તેને કેશવાળી કહે છે.

૪) સિંહને અણીદાર અને મજબૂત દાંત અને નહોર હોય છે. તેનાથી તે પ્રાણીઓનો શિકાર કરે છે.

૫) સિંહ ગુફામાં રહે છે.

૬) શહેરનાં પ્રાણીબાગમાં રાખવામાં આવે છે.

૭) સિંહ સૌથી બળવાન પ્રાણી છે.

૮) સિંહ જંગલનો રાજા છે.

**જ.૬ સંજ્ઞા**

| | **પ્રાણીઓનાં નામ** | **પક્ષીઓનાં નામ** |
|---|---|---|
| ૧) | સિંહ | મોર |
| ૨) | વાઘ | કાગડો |
| ૩) | સસલું | ચકલી |
| ૪) | સાબર | પોપટ |

- **ઉપરના પ્રાણી અને પક્ષીઓના નામને વ્યાકરણની ભાષામાં સંજ્ઞા કહેવાય.**

## કાર્ય-પત્રિકા જવાબ - ૧

**જ.૧ નીચે આપેલા ગુણો પસંદ કરી નાનકડા પક્ષી વિશે લખો.**

૧. નાનકડુ પક્ષી મહેનતું હતું. ૨. નાનકડુ પક્ષી શ્રમવાળુ હતું

૩. નાનકડુ પક્ષી સમસ્યાનું નિવારણ કરનારું હતું. ૪. નાનકડુ પક્ષી સાહસી હતું.

**જ.૨ ખાલી જગ્યા પૂરો.**

૧. ભડકો ૨. તળાવ ૩. ચાંચ ૪. બચ્ચા

## કાર્ય-પત્રિકા જવાબ - ૨

**જ.૧ કોલાજ વર્ક, જંગલ.**

**જ.૨ શબ્દ નિર્માણ 'ગ', 'પ', 'ક'નો ઉપયોગ કરી અર્થપૂર્ણ શબ્દ બનાવો.**

ઉ.દા. - પગ, કર

૧. પર, ૧. કમળ ૨. ગર ૨. ગગન

૩. કર ૩. પલંગ ૪. કપ ૪. કમલ

# ૩ કુકુ કોયલની ઈચ્છા

## પાઠની રૂપરેખા

**કુકુ કોયલની ઈચ્છા**

**કુકુ કોયલની આશા/જિજ્ઞાસા**

(૧) કોયલને પતંગિયાને જોઈને રસ પીવાની ઈચ્છા થવી.

(૨) કોયલે રસ પીવાનો ખૂબ પ્રયત્ન કર્યો.

(૩) પતંગિયા દ્વારા સમજણ આપવી.

(૪) દરેકના શરીર આધારિત ભગવાને ખોરાકની રચના કરવી.

(૫) કુકુને તેની ભૂલની સમજ મળવી.

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ જીવનમાં ઈચ્છા કે આશાનું મહત્ત્વ સમજશે.

૨) વિદ્યાર્થીઓ નકલ ન કરવી તેની સમજણ મેળવશે.

૩) વિદ્યાર્થીઓ નકલથી થતા ગેરફાયદા વિશે સમજણ મેળવશે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ પાઠનું યોગ્ય ઉચ્ચારણ અને હાવભાવ સાથે કથન કરશે.

૨) વિદ્યાર્થીઓ નવા શબ્દને યોગ્ય ઉચ્ચારણ સાથે બોલવાનો પ્રયત્ન કરશે.

૩) વિદ્યાર્થીઓ વાંચન, લેખન, શ્રવણ અને કથન શૈલીનો વિકાસ કરશે.

## પ્રેરણા

૧) શિક્ષક વિદ્યાર્થીઓને Youtube પરથી ''બહુરૂપી મોર/કાળા કાગડા''ની વાર્તા સંભળાવશે અને બતાવશે.

## શિક્ષણ પ્રવૃત્તિ

**પ્રશ્નો :**

૧) તમને કઈ કઈ વસ્તુ કરવાની ઈચ્છા થાય છે?

૨) તમે કઈ કઈ વસ્તુ કરી નથી શકતા અને શા માટે?

## રચનાત્મક કાર્ય

૧) શિક્ષક વિદ્યાર્થીઓને બે-બે વિદ્યાર્થીઓના સમૂહમાં વિભાજિત કરશે.

૨) વિદ્યાર્થીઓ કોયલ અને પતંગિયાના સંવાદ સમજશે.
૩) વિદ્યાર્થીઓ સંવાદના આધારે પાઠના વિષયને સમજશે.
૪) શિક્ષક વિદ્યાર્થીઓને જરૂર પડે ત્યારે મદદ કરશે.
૫) વિદ્યાર્થીઓ માટે શિક્ષક મદદકર્તાની ભૂમિકા ભજવશે.
૬) શિક્ષક વિદ્યાર્થીઓને સ્વાધ્યાયના પ્રશ્નો અને વ્યાકરણની ચર્ચા કરી તેની વધુ સમજણ આપશે.

## પ્રતિભાવ (Feedback)

- સંવાદ બોલવામાં સમસ્યા ઉદ્દ્ભવી
- ઉત્તમ રજૂઆતની પ્રશંસા કરવી.
- સૂચના અને સુધારો કરવો.

## મુલ્યાંકનના આધાર બિંદુ

૧) સંવાદની શુદ્ધતા અને સ્પષ્ટતા
૨) હાવભાવ અને ઉચ્ચારણ

## સામાન્ય ત્રૂટીઓ

૧) નવા શબ્દના ઉચ્ચારણમાં ત્રૂટી રહેવી.
૨) સંવાદ બોલવામાં સમસ્યા ઉદ્દ્ભવે.

## સમસ્યા નિવારણ

૧) નવા શબ્દનું પુનઃ ઉચ્ચારણ કરાવશે.
૨) સંવાદના યોગ્ય ઉચ્ચારણ પર ભાર મૂકવો.

## અંતઃ વિષય દષ્ટિકોણ

૧) આ પાઠના આધારે જીવદયા અને પર્યાવરણ સંરક્ષણ જેવા મુદ્દાઓને અલગ અલગ વિષયમાં સાંકળી લેવા.

## રચનાત્મક અભિગમ - વિદ્યાર્થીઓની ક્ષમતા આધારિત

## સામાન્ય વિદ્યાર્થીઓ

૧) કોયલ કેવી રીતે બોલે છે?

## મધ્યમ વિદ્યાર્થીઓ

૧) કોયલ પોતાના ઈંડા કોના માળામાં મૂકે છે?

## ઉત્તમ વિદ્યાર્થીઓ

૧) કોયલ વિશે પાંચ વાક્યો લખો.

## ગૃહકાર્ય

૧) કોઈ પણ એક પક્ષીનો માળો બનાવો.

## કાર્ય-પત્રિકા-૧

**પ્ર.૧ નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

૧) ઈચ્છા ૨) કોયલ ૩) સ્વાદિષ્ટ ૪) ભૂલ ૫) પતંગિયા

**પ્ર.૨ નીચેના ચોરસમાં તમારુ મનગમતું પતંગિયું બનાવો.**

## કાર્ય-પત્રિકા-૨

**પ્ર.૧ નીચે કોઈ પણ પાંચ ફળના નામ લખો જેમાંથી તમને રસ (Juice) મળે છે.**

**પ્ર.૨ તમારી મનની ઈચ્છા પાંચ વાક્યમાં લખો.**

''મારી ઈચ્છા''

## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ જવાબની શોધખોળ**

૧) કુકુ કોયલને ફૂલોનો રસ પીવાની ખૂબ ઈચ્છા હતી.

૨) ફૂલોનો રસ સ્વાદિષ્ટ અને મીઠો હતો.

૩) કુકુની ચાંચ ફળ અને દાણા ખાવા બનાવી હતી.

૪) પતંગિયાએ કુકુ કોયલને સમજણ આપી કે, ''તારા મોં પાસે પાતળી નળી હોવી જોઈએ તો જ રસ પી શકાય જે તારી પાસે નથી.''

૫) આપણે નકલ ન કરવી જોઈએ.

**જ.૨ સમાનાર્થી શબ્દ પતંગિયામાંથી શોધીને લખો.**

૧) પુષ્પ ૨) મોઢું ૩) સખી ૪) આશા ૫) ચુક ૬) ખુશ

**જ.૩ નીચેના ચિત્ર ઓળખી જે પક્ષી આકાશમાં ઊડી શકતાં નથી તેમાં રંગ પૂરો.**

૧) પેંગ્વિન ૨) શાહમૃગ ૩) બતક

**જ.૪ નીચેનામાંથી વૃક્ષોનાં નામને શોધીને રંગ પૂરો.**

૧) વડ ૨) પીપળો ૩) આંબો ૪) આસોપાલવ

૫) ખજૂર ૬) નાળિયેરી ૭) દાડમ ૮) આમળા

**જ.૫ મને ઓળખી મારું નામ લખો.**

૧) કૂકડો ૨) કાચબો ૩) હાથી ૪) ઊંટ ૫) સિંહ ૬) મોર

## કાર્ય-પત્રિકા જવાબ - ૧

**જ.૧ નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

૧) મારી ઈચ્છા આકાશમાં ઊડવાની છે. ૨) કોયલ રાણી કૂકૂકૂ બોલે છે.

૩) મમ્મીએ ભોજન સ્વાદિષ્ટ બનાવ્યું છે. ૪) મારી લખવામાં ભૂલ થઈ ગઈ.

૫) પતંગિયા રંગબેરંગી હોય છે.

**જ.૨ નીચેના ચોરસમાં તમારુ મનગમતું પતંગિયું બનાવો. વિદ્યાર્થીઓ પોતાની રીતે બનાવશે.**

## કાર્ય-પત્રિકા જવાબ - ૨

**જ.૧ નીચે કોઈ પણ પાંચ ફળના નામ લખો જેમાંથી તમને રસ (Juice) મળે છે.**

૧) નારંગી ૨) સંતરું ૩) દાડમ ૪) તરબૂચ ૫) કેરી

**જ.૨ તમારી મનની ઈચ્છા પાંચ વાક્યમાં લખો.**

''મારી ઈચ્છા'' (વિદ્યાર્થીઓ સ્વભાષામાં લખશે.)

# ૪ કાળો કાગડો

## પાઠની રૂપરેખા

**કાળો કાગડો**

- (૧) કાગડો કાળો ગુણવાન અને ચતુર છે.
- (૨) સ્વચ્છતાના પાઠ શીખવાડે છે.
- (૩) કાગડીની સાથે રમે છે.
- (૪) મોર એકતાના પાઠ શીખવાડે છે.
- (૫) ઢેલની સાથે રમતો હતો.
- (૬) પોપટ ભાઈચારાની ભાવના શીખવાડતો.
- (૭) મેનાની સંગે રમતો હતો.
- (૮) કબૂતર શાંતિના પાઠ શીખવાડતો હતો.
- (૯) કબૂતરીની સાથે રમે છે.

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ જીવદયાનું મહત્ત્વ સમજશે.

૨) વિદ્યાર્થીઓ જીવનમાં સ્વચ્છતાનું મહત્ત્વ સમજશે.

૩) વિદ્યાર્થીઓ જીવનમાં એકતાનું મહત્ત્વ સમજશે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ કાવ્યનું ગાન કરશે.

૨) વિદ્યાર્થીઓ પક્ષીઓ પ્રત્યે સકારાત્મક અભિગમ વિકસાવશે.

૩) વિદ્યાર્થીઓની શ્રવણ, કથન, વાંચન અને લેખનશૈલીનો વિકાસ થશે.

## પ્રેરણા

૧) શિક્ષક વિદ્યાર્થીઓને પૂછશે કે, તમે ક્યારેક કોઈ પશુ કે પક્ષીની મદદ કરી છે? કેવી રીતે?

૨) શિક્ષક વિદ્યાર્થીઓને પશુ અને પક્ષી આપણને કેવી રીતે મદદગાર છે તે વિશેનો Video બતાવશે.

## શિક્ષણ પ્રવૃત્તિ

**પ્રશ્નો :**

૧) તમને સૌથી વધુ કયુ પક્ષી ગમે છે? શા માટે?

૨) તમને ગમતા પશુ કે પક્ષી પાસેથી તમને શું શીખવા મળ્યું? તે લખો.

## રચનાત્મક કાર્ય

૧) શિક્ષક વિદ્યાર્થીઓને અલગ પક્ષીઓના ચિત્ર આપશે.

૨) વિદ્યાર્થીઓ પક્ષીઓના ચિત્રને આધારે તેમના વિશે લખશે.
૩) શિક્ષક વિદ્યાર્થીઓને સમૂહકાર્યમાં આ પ્રવૃત્તિ કરાવશે.
૪) શિક્ષક મદદકર્તાની ભૂમિકા ભજવશે.
૫) વિદ્યાર્થીઓ પક્ષીઓ વિશે બોલશે ત્યારે શિક્ષક કાવ્યમાં આવતા પક્ષી વિશેની પણ સમજણ આપશે.
૬) આમ પ્રવૃત્તિની સાથો-સાથ શિક્ષક વિદ્યાર્થીઓને કાવ્યની પણ સમજૂતી આપશે.

## પ્રતિભાવ (Feedback)

૧) ઉત્તમ સમૂહકાર્યની પ્રશંસા કરવી.
૨) પક્ષીઓનાં નામની ગુજરાતીમાં ઓળખ આપવી.
૩) પક્ષીઓના જાતિ વિશે સમજણ આપવી.
૪) ખામીઓમાં સૂચના અને સુધારો કરવો.

## મૂલ્યાંકનના આધાર બિંદુ

૧) સમૂહકાર્યમાં આત્મવિશ્વાસ
૨) કાવ્યગાન
૩) ઉચ્ચારણ શુદ્ધતા

## સામાન્ય ત્રૂટીઓ

૧) કાવ્યના ઉચ્ચારણમાં ત્રૂટીઓ રહેવી
૨) સમૂહકાર્યમાં આત્મવિશ્વાસથી કાર્ય ન કરવું.

## સમસ્યા નિવારણ

૧) વિદ્યાર્થીઓને કાવ્યગાન પિરિયડની શરૂઆતમાં પાંચ મિનિટ રોજ કરાવવું જેથી ઉચ્ચારણની ત્રૂટીઓનું નિવારણ થશે.
૨) વિદ્યાર્થીઓ સમૂહકાર્યમાં પક્ષીઓને ઓળખી તેના વિશે લેખન ન કરી શકતા હોય તો તેમને શિક્ષકે અલગથી બોલાવી ચિત્ર વિશે વધુ સમજણ આપવી.

## અંતઃ વિષય દૃષ્ટિકોણ

૧) આ કાવ્યના આધારે પક્ષીઓના ઈતિહાસ અને રહેઠાણ વિશે ચર્ચા કરી શકાશે.
૨) લુપ્ત થતી પક્ષીઓની જાતિ વિશે વિજ્ઞાન અને ભૂગોળ વિષયના આધારે ચર્ચા કરવી.

## પ્રવૃત્તિ

૧) તમને ગમતા કોઈપણ એક પક્ષીનો માળો બનાવો.

## રચનાત્મક અભિગમ - વિદ્યાર્થીઓની ક્ષમતા આધારિત

## સામાન્ય વિદ્યાર્થીઓ

૧) કોઈ પણ બે પક્ષીઓનાં નામ લખો.
૨) પક્ષીઓ ક્યાં રહે છે?

## મધ્યમ વિદ્યાર્થીઓ

૧) 'ક' મૂળાક્ષરથી શરૂ થતાં બે પક્ષીનાં નામ લખો.
૨) આ કાવ્યમાંથી તમને શું શીખવા મળ્યું? તે લખો.

## ઉત્તમ વિદ્યાર્થીઓ

૧) ''પક્ષીઓ આપણા મિત્ર'' આ વાક્ય વિશે તમારા શબ્દમાં જવાબ લખો.
૨) કોઈ પણ પાંચ પક્ષીઓનાં નામ લખો. તેનાં વિશે બે-બે વાક્ય લખો.

## કાર્ય-પત્રિકા-૧

**પ્ર.૧ કોઈપણ પાંચ 'કાળા' રંગના પક્ષી અને પ્રાણીનાં નામ લખો.**

**પ્ર.૨ કોઈપણ પાંચ પાલતું પ્રાણીનાં નામ લખો.**

## કાર્ય-પત્રિકા-૨

**પ્ર.૧ શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

૧) સ્વચ્છતા ૨) એકતા ૩) શાંતિ ૪) કળા ૫) ચતુર

**પ્ર.૨ ''મારું પ્રિય પક્ષી/પંખી'' વિશે પાંચ વાક્ય લખો.**

## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ જવાબની શોધખોળ**

૧) કાળા કાગડાને ગુણવાન અને ચતુર કહ્યો છે.
૨) કાગડો સ્વચ્છતાના પાઠ શીખવે છે.
૩) મોર આપણને એકતા શીખવે છે.
૪) ભાઈચારાની ભાવના આપણે પોપટ પાસેથી શીખીએ છીએ.
૫) કબૂતર આપણને શાંતિનો પાઠ શીખવે છે.

**જ.૨ જાતિ બદલો**

૧) ઢેલ ૨) કબૂતરી ૩) મેના ૪) કાગડી
૫) ચકલો ૬) ઘોડી ૭) કૂતરી

**જ.૩ અવાજની શોધખોળ**

| | | | |
|---|---|---|---|
| કાગડો - | કા કા કા | કૂકડો - | કૂકડે કૂક કૂકડે કૂક |
| પોપટ - | મીઠું મીઠું મીઠું | મોર - | ટેહુક ટેહુક ટેહુક |
| કબૂતર - | ઘૂ ઘૂ ઘૂ ઘૂ | કોયલ - | કૂહુ કૂહુ |
| ચકલી - | ચીં ચીં ચીં | | |

**જ.૪ કાવ્યપંક્તિ પૂર્ણ કરો.**

૧. મને કળા કરતો મોર ગમતો
ટેહુક ટેહુક બોલીને એકતા શીખવાડતો
ઢેલણ ઢેલની સંગે, રમતો રે.

૨. મને ઘૂટરગુ ઘૂટરગુ કરતું કબૂતર ગમતું
મને શાંતિના પાઠ ભણાવતું રે
કાજલી કબૂતરી સંગે રમતો રે.

**જ.૫ સમાનાર્થી શબ્દની શોધખોળ**

૧) સુઘડ ૨) હોંશિયાર ૩) પારેવું ૪) વર્ણ

**જ.૬ વિરોધી શબ્દની શોધખોળ**

૧) દોષ ૨) અશાંતિ ૩) મૂર્ખ ૪) ગંદું

**જ.૭ કૌંસમાં આપેલા શબ્દ પસંદ કરી મોર વિશે પાંચ વાક્ય લખો.**

૧) સુંદર ૨) રંગબેરંગી ૩) કલગી ૪) દાણા અને જીવડાં
૫) શ્રી કૃષ્ણ ૬) રાષ્ટ્રીય પક્ષી ૭) વાહન

**જ.૮ તમે કોયલને તો જરૂરથી જોઈ હશે, ચાલો તો કહો કોયલ તમે જોઈ હતી તેનો**

૧) કાળો ૨) કૂહુ કૂહુ ૩) મીઠો મધુર ૪) વિદ્યાર્થીઓ સ્વભાષામાં લખશે.

## કાર્ય-પત્રિકા જવાબ - ૧

**જ.૧ કોઈપણ પાંચ 'કાળા' રંગના પક્ષી અને પ્રાણીનાં નામ લખો.**

૧) કાગડો ૨) કોયલ ૩) ગાય ૪) ભેંસ ૫) પાડો

**જ.૨ કોઈપણ પાંચ પાલતું પ્રાણીનાં નામ લખો.**

૧) બકરી ૨) કૂતરો ૩) બિલાડી ૪) ગાય ૫) ઘેટું

## કાર્ય-પત્રિકા જવાબ - ૨

**જ.૧ શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

૧) આપણે ઘરમાં સ્વચ્છતા રાખવી જોઈએ.

૨) આપણે મિત્ર સાથે એકતાથી રહેવું જોઈએ.

૩) પ્રાર્થના કરતી વખતે શાંતિ રાખો.

૪) મોર કળા કરે છે.

૫) કાગડો ચતુર પક્ષી છે.

**જ.૨ ''મારું પ્રિય પક્ષી/પંખી'' વિશે પાંચ વાક્ય લખો.**

(વિદ્યાર્થીઓ સ્વભાષામાં લખશે.)

# ૫ ચાલો બગીચામાં ફરવા જઈએ

## પાઠની રૂપરેખા

**ચાલો બગીચામાં ફરવા જઈએ**

(૧) શિક્ષક બગીચામાં બાળકોને ફરવા લઈ જાય છે.

(૨) શિક્ષક વિદ્યાર્થીઓને ઝાડ વિશે માહિતી આપશે.

(૫) શિક્ષક વૃક્ષના મહત્ત્વ વિશે સમજણ આપે છે.

(૬) વિદ્યાર્થીઓ વૃક્ષનું રોપણ કરશે.

**બગીચામાં ફરવા માટે**

(૩) લીમડાના વૃક્ષ વિશે સમજણ આપે છે.

(૪) મોટા વૃક્ષની સાથોસાથ નાના છોડની પણ સમજણ આપે છે.

(૭) વિદ્યાર્થીઓ વૃક્ષના શ્લોક દ્વારા તેનું મહત્ત્વ સમજશે.

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ વૃક્ષની ઉપયોગીતાને સમજશે.

૨) વિદ્યાર્થીઓ પર્યાવરણનું મહત્ત્વને સમજશે.

૩) વિદ્યાર્થીઓ જીવનમાં પર્યાવરણ પ્રેમને વિકસાવશે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓની ભાષાકીય ક્ષમતાનો વિકાસ કરવો.

૨) યોગ્ય ઉચ્ચારણ ક્ષમતાનો વિકાસ કરવો.

૩) કથન, વાંચન, લેખન અને શ્રવણ શૈલીનો વિકાસ કરવો.

## અભિપ્રેરણા

૧) શિક્ષક વિદ્યાર્થીઓને ‘‘સોનાનું વૃક્ષ’’ વાર્તા દ્વારા અજ્ઞાન થી જ્ઞાન તરફ લઈ જશે.

૨) Youtube પરથી પાણીચક્ર વિશે બતાવીને, વૃક્ષ આપણા માટે કેટલા ઉપયોગી છે તે વિશે સમજણ મેળવશે.

## શિક્ષણ પ્રવૃત્તિ

- શિક્ષક વિદ્યાર્થીઓને સૌ પ્રથમ જુદા જુદા સમૂહમાં બેસાડશે.
- વિદ્યાર્થીઓને વૃક્ષ વિશે પ્રશ્નો પૂછશે તેના આધારે પાઠની ચર્ચા કરશે.

## પ્રશ્નો ઉ.દા.

૧) વૃક્ષ પાસેથી આપણને કઈ કઈ વસ્તુઓ મળે છે?

૨) ગુરુજીએ બાળકોને કયા કયા વૃક્ષોની સમજણ આપી હતી?

૩) આપણને નાના છોડ પાસેથી શું મળે છે?
૪) વૃક્ષારોપણ એટલે શું?

- શિક્ષક વિદ્યાર્થીઓનાં અલગ-અલગ સમૂહને અલગ-અલગ પ્રશ્નો પૂછશે.
- શિક્ષક સમૂહના વિદ્યાર્થીઓને પ્રશ્નોના ઉત્તરની ચર્ચા માટે વર્ગસમક્ષ બોલાવશે.
- શિક્ષક જરૂર પડે ત્યાં વિદ્યાર્થીઓ માટે મદદકર્તા બનશે.
- આમ જુદા જુદા પ્રશ્નો, વ્યાકરણ, બુદ્ધિ કસોટી વગેરેની ચર્ચા કરશે.

## પ્રતિભાવ (Feedback)

૧) ઉચ્ચારણની ખામીઓનું નિવારણ
૨) ઉત્તમ કાર્યની પ્રશંસા
૩) ખામીઓમાં સૂચનો અને સુધારો કરવો.

## મૂલ્યાંકનના આધાર બિંદુ

૧) આત્મવિશ્વાસ
૨) ઉચ્ચારણની શુદ્ધતા અને સ્પષ્ટતા
૩) યોગ્ય વાક્ય રચનામાં જવાબની રજૂઆત

## સામાન્ય ત્રૂટીઓ

૧) જવાબ રજૂઆત સંબંધી ખામીઓ
૨) ઉચ્ચારણમાં ખામીઓ રહેવી.

## સમસ્યા નિવારણ

૧) વિદ્યાર્થીઓને સ્વભાષામાં જવાબની રજૂઆત યોગ્ય રીતે કરવી તેની વધુ સમજણ આપવી.
૨) જે શબ્દના ઉચ્ચારણમાં ખામીઓ હોય તે શબ્દને વર્ગના બોર્ડ પર લગાવવા. તેના વાંચન પર ભાર આપવો.

## અંતઃવિષય દૃષ્ટિકોણ

૧) આ પાઠને વિજ્ઞાન, ઈતિહાસ, ભૂગોળ, ગણિત અને હિંદી જેવા વિષય સાથે આવરી લેવો.
ઉ.દા. - આપણને વૃક્ષો કયાં કયાં ઠંડા પ્રદેશોમાં જોવા મળે છે? (ભૂગોળ)
- ઝાડ પર ફળ કે ફૂલ ઊગવાની પ્રક્રિયાનું નિરીક્ષણ કરો. (વિજ્ઞાન)

## પ્રવૃત્તિ

નીચે આપેલા ચોરસમાં તમને ગમતાં ઝાડનું ચિત્ર બનાવીને તેને સુંદર રીતે શણગારો.

## રચનાત્મક અભિગમ

## સામાન્ય વિદ્યાર્થીઓ

૧) વૃક્ષના અલગ - અલગ અંગોનાં નામ લખો.
૨) કોઈપણ બે મોટા વૃક્ષોનાં નામ લખો.
૩) આ પાઠમાંથી તમને શું શીખવા મળ્યું? તે લખો.

## મધ્યમ વિદ્યાર્થીઓ

૧) ઝાડ આપણને કેવી રીતે ઉપયોગી છે?
૨) તમને સૌથી વધુ કયું ફૂલ ગમે છે? શા માટે?
૩) વૃક્ષ વિશે એક શ્લોક લખો.

## ઉત્તમ વિદ્યાર્થીઓ

૧) ''વૃક્ષ આપણું જીવન'' આ વિષય પર તમારા શબ્દમાં પાંચ વાક્ય લખો.

૨) પાઠમાં ઉપયોગમાં લેવાયેલી સંજ્ઞા શોધીને લખો.

## ગૃહકાર્ય

૧) તમારી ઘરની આજુબાજુના વૃક્ષો વિશે માહિતી ભેગી કરીને લખો.

## કાર્ય-પત્રિકા-૧

**પ્ર.૧ નીચેના કોઠામાં પાંચ વિદેશી ભાષાના નામ આપેલા છે તે શોધીને લખો.**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| મ | ક | જ | વ | થે | જા | ણ | ધુ | રો |
| વ | દિ | ર્મ | જ્ઞા | વો | પ | ફ્રેં | જ્ઞા | વી |
| હ | ધ્ધ | ની | તે | ર | ની | ચ | ભૂ | નું |
| ડા | છે | બી | રી | ભા | સ | સું | ર | ખ |
| ક્ય | અં | ગ્રે | જી | જૂ | ધુ | ષ | વિ | ળ |
| ફ્રે | ની | ન | ક | અ | ર | બી | ય | ન |

**પ્ર.૨** લીમડાના વૃક્ષ વિશે બે વાક્ય લખો.

**પ્ર.૩** વૃક્ષના ઉપયોગ વિશે બે વાક્ય લખો.

## કાર્ય-પત્રિકા-૨

**પ્ર.૧ નીચેના શબ્દોની સાચી જોડણી પર વર્તુળ કરો.**

૧) ફૂલ ફુલ ૨) વૃક્ષ વુક્ષ ૩) ગૂરુ ગુરુ

૪) શુદ્ધ શૂદ્ધ ૫) માળી માળિ

**પ્ર.૨ કોણ બોલે છે તે લખો.**

૧) તેના ફળને લીંબોડી કહેવાય છે. ૨) આપણે શા માટે છોડ લગાવીએ છીએ.

૩) વૃક્ષં રક્ષતિ રક્ષતિઃ

## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ જવાબની શોધખોળ**

૧) ગુરુજી બાળકોને શનિવારના દિવસે બાગમાં ફરવા લઈ ગયા હતા.

૨) બાળકોને ગુરુજી છોડ અને વૃક્ષો વિશે બાગમાં માહિતી આપવાના હતા એટલે નાચવા લાગ્યા હતા.

૩) બગીચામાં ભમરા અને પતંગિયા ફૂલોનો રસ પીતા હતા અને ભમરા ગુંજન કરી રહ્યા હતા.

૪) બાગમાં પીપળો, વડ, ખજૂર, લીમડો, ચીકુ, દાડમ અને નાળિયેરીનાં વૃક્ષો હતા.

૫) વૃક્ષોની જે રક્ષા કરે છે તેનું રક્ષણ વૃક્ષ કરે છે.

જ.૨ **એક શબ્દમાં જવાબ લખો.**

૧) તુલસી, ગુલાબ ૨) ફળ, ફૂલ, લાકડા અને ઔષધિ ૩) ક્યારી

૪) બાગના માળી ૫) તુલસી, જાંબુ, ચીકુ, જમરૂખ અને ગુલાબ

૬) વૃક્ષં રક્ષતિ રક્ષતિઃ ૭) લીંબોડી

જ.૩ **સમાનાર્થી શબ્દ ઝાડમાંથી શોધીને લખો.**

૧) તરુ ૨) ગુરુજી ૩) બાળક ૪) હવા

૫) વરસાદ ૬) સ્વચ્છ ૭) પંખી ૮) રૂપાળું

જ.૪ **નીચેના ચિત્રમાં આપણે જૂની વસ્તુઓનો સદુપયોગ કર્યો છે તે શોધીને જોડો.**

(૧-૩), (૨-૪), (૩-૧), (૪-૫), (૫-૨)

જ.૫ **આપણા સાથીઓની શોધખોળ**

૧) શિક્ષક ૨) દરજી ૩) ડૉક્ટર ૪) માળી ૫) ચોકીદાર

જ.૬ **વર્ણ જોડીને શબ્દ બનાવો.**

૧) ચડ, પડ ૨) કપ, પગ ૩) બળતણ, બચત

૩) પતંગ, પલંગ ૫) ગરજ, ફરક

## કાર્ય-પત્રિકા જવાબ - ૧

જ.૧ **નીચેના કોઠામાં પાંચ વિદેશી ભાષાનાં નામ આપેલા છે તે શોધીને લખો.**

(જર્મની, અંગ્રેજી, અરબીયન, ફ્રેંચ, જાપનીસ)

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| મ | ક | જ | વ | થે | જા | ણ | ધુ | રો |
| વ | દિ | ર્મ | જ્ઞા | વો | પ | ફ્રેં | જ્ઞા | વી |
| હ | દ્ધ | ની | તે | ર | ની | ચ | ભૂ | નું |
| ડા | છે | બી | રી | ભા | સ | સું | ર | ખ |
| ક્ય | અં | ગ્રે | જી | જૂ | ધુ | ષ | વિ | ળ |
| ફ્રે | ની | ન | ક | અ | ર | બી | ય | ન |

જ.૨ ૧) લીમડાનું વૃક્ષ રાત-દિવસ ઑક્સિજન છોડે છે. ૨) લીમડાનું વૃક્ષ ગુણકારી છે.

જ.૩ ૧) વૃક્ષ હવાને શુદ્ધ કરે છે. ૨) વૃક્ષો વાદળને ઠંડા કરે છે તેથી વરસાદ વધારે પડે છે.

## કાર્ય-પત્રિકા જવાબ - ૨

જ.૧ **નીચેના શબ્દોની સાચી જોડણી પર વર્તુળ કરો.**

૧) ફૂલ ફુલ ૨) વૃક્ષ વુક્ષ ૩) ગુરુ ગુરુ ૪) શુદ્ધ શૂદ્ધ ૫) માળી માળિ

જ.૨ **કોણ બોલે છે તે લખો.**

૧) ગુરુજી ૨) વંશજ ૩) હરિ

# ૬ ઈ-બુક

## પાઠની રૂપરેખા

**ઈ-બુક**

(૧) બધા બાળકોનો વૅકેશનમાં આખો દિવસ મોબાઇલનો ઉપયોગ કરવો.

(૨) દાદીના મનમાં વિચાર આવ્યો તે પ્રવૃત્તિમય કરવા.

(૩) દાદીએ ઈ-વાર્તાઓ ડાઉનલોડ કરી બાળકોને ચાર દિવસનો સમય તૈયારી માટે આપ્યો.

(૪) દરેક બાળકોએ ઉત્સાહ અને ઉમંગથી તૈયારી કરી.

(૫) અંતે દાદીનો આભાર માનવો.

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ આધુનિક ટૅકનોલૉજીનો પરિચય મેળવશે.
૨) વિદ્યાર્થીઓ ઈ-વાર્તાની સમજણ મેળવશે.
૩) વિદ્યાર્થીઓ ટૅકનોલૉજીનો સદ્‌ઉપયોગ કરવો તેની સમજણ મેળવશે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ ટૅકનોલૉજી પ્રત્યે સકારાત્મક અભિગમ વિકસાવશે.
૨) વિદ્યાર્થીઓ નવા શબ્દની સમજણ મેળવશે.
૩) વિદ્યાર્થીઓની વાંચન, લેખન, શ્રવણ અને કથન શૈલીનો વિકાસ થશે.

## પ્રેરણા

- શિક્ષક વિદ્યાર્થીઓને પ્લે-સ્ટૉરના જુદા-જુદા એપ વિશે પૂછશે તેના આધારે ઈ-બુકની સમજણ આપી અજ્ઞાનથી જ્ઞાન તરફ લઈ જશે.
- શિક્ષક વિદ્યાર્થીઓને Youtube પર ઈ-બુક વિશે વીડિયો બતાવશે.

## શિક્ષણ પ્રવૃત્તિ

૧) શિક્ષક વિદ્યાર્થીઓને જુદા જુદા સમૂહમાં બેસાડશે.
૨) શિક્ષક વિદ્યાર્થીઓને હિંદી અને ગુજરાતીમાં જુદી જુદી વાર્તાઓ વાંચવા આપશે. (ઈ-બુક સ્વરૂપે બનાવી)
૩) વિદ્યાર્થીઓ વાર્તા વાંચી તે વિશે ચર્ચા કરશે.
૪) શિક્ષક ચર્ચાના આધારે વિદ્યાર્થીઓ સાથે ઈ-બુક વિશે ચર્ચા કરશે.
૫) આમ શિક્ષક વિદ્યાર્થીઓને પાઠની સમજણ આપશે.

### મૂલ્યાંકનના આધાર બિંદુ

૧) આત્મવિશ્વાસ ૨) વાર્તાની રજૂઆત ૩) ઉચ્ચારણ શુદ્ધતા

### પ્રતિભાવ (Feedback)

૧) ઉત્તમ વાર્તાની રજૂઆતની પ્રશંસા ૨) ઉત્તમ ચર્ચાની પ્રશંસા
૩) ખામીઓમાં સૂચના અને સુધારો કરવો.

### સામાન્ય ત્રૂટીઓ/ખામીઓ

૧) વાંચનમાં ખામીઓ રહેવી. ૨) માત્રાની સમજણમાં ભૂલ કરવી.

### સમસ્યા નિવારણ

૧) વર્ગમાં શરૂઆતની પાંચ મિનિટ રોલ-નંબર આધારિત વાંચન કરાવવું.
૨) માત્રાની ઓળખવાળા શબ્દો વર્ગના બોર્ડ પર લગાવી વિદ્યાર્થીના સ્વવાંચન પર ભાર મૂકવો.

### અંતઃવિષય દૃષ્ટિકોણ

૧) આ પાઠને વિજ્ઞાન સંબંધિત માહિતીઓ ભેગી કરીને વધુ સમજણ આપી શકાશે.
ઉ.દા. ઈ-બુકની શરૂઆત કોણે કરી હતી? ક્યાં? (વિજ્ઞાન અને ઈતિહાસ)

### પ્રવૃત્તિ

- ચાર્ટપેપર પર તમને ગમતી વાર્તા લખો અને વર્ગ સમક્ષ તેની રજૂઆત કરો.

### રચનાત્મક અભિગમ

### સામાન્ય વિદ્યાર્થીઓ

૧) તમને ગમતી કોઈ પણ બે વાર્તાના નામ લખો. ૨) કમ્પ્યૂટર વિશે પાંચ વાક્ય લખો.

### મધ્યમ વિદ્યાર્થીઓ

૧) ટૅકનોલૉજીના ફાયદા લખો. (કોઈ પણ ત્રણ)
૨) પંચતંત્રની કોઈ પણ એક વાર્તા શોધીને લખો.

### ઉત્તમ વિદ્યાર્થીઓ

૧) ઈ-બુક વિશે વધુ માહિતી ૧૦ વાક્યમાં લખો. ૨) ઈ-બુકના ફાયદા લખો.

### ગૃહકાર્ય

- કોઈ પણ એક ઈ-વાર્તા વાંચી ડાઉનલોડ કરો.

## કાર્ય-પત્રિકા-૧

**પ્ર.૧** બાળકોને જોઈને દાદીના મનમાં શું વિચાર આવ્યો ?
**પ્ર.૨** દાદીને કેમ આનંદ થાય છે ?
**પ્ર.૩** ઈ-વાર્તા એટલે શું ?

**પ્ર.૪ સાચી જોડણી પર વર્તુળ કરો.**

| | | | |
|---|---|---|---|
| ૧) | ડાઉનલૉડ | ડાઉનલોડ | ડાઊલોડ |
| ૨) | ઈન્ટનેટ | ઈન્ટરનેટ | ઈનટરનેટ |
| ૩) | વાર્તા | ર્વાતા | વાર્ત |
| ૪) | સ્પર્ધા | સપર્ધા | સપર્ધા |
| ૫) | આધુનીક | આધુનિક | આધૂનિક |

## કાર્ય-પત્રિકા-૨

**પ્ર.૧ નીચેના કૉમ્પ્યુટરમાં તમારા વિશે લખો.**

મારુ નામ ..................... છે. હું .................. વર્ષનો/વર્ષની છું

હું ......................... શહેર/ગામમાં રહું છું.

મારા મિત્ર/સખી ના નામ ............................ છે.

મને ......................... જોવાનું ગમે છે.

મારો પ્રિય :

૧) મારી પ્રિય પ્રવૃત્તિ - ........ ૨) રંગ - ........................

૩) વાનગી - ................... ૪) પ્રાણી - ........................

૫) શોખ - ..................... ૬) હું મોટો થઈ - ...................

૭) પુસ્તકો ....................

મારું ચિત્ર

## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ જવાબની શોધખોળ.**

૧) વૅકેશનમાં બાળકો એક બીજાના ઘરે બેસીને વીડિયો ગેમ્સ કે સોશિયલ મીડિયાની સાઈટ પર બેસી આખો દિવસ ગેમ્સ રમતાં હતા.

૨) દાદીએ બધા બાળકોને ઈ-બુકની ઈ-વાર્તા આપી.

૩) બાળકોએ દાદીએ આપેલી ઈ-બુકમાં ઈ-વાર્તા વાંચીને, ઈ વાર્તાની સ્પર્ધામાં ભાગ લઈને વૅકેશનનો સદ્ઉપયોગ કર્યો.

૪) બાળકો દાદી પાસેથી વાર્તાના આધુનિક સ્વરૂપને એટલે ઈ-વાર્તા શીખ્યા.

**જ.૨ નીચેના પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખો.**

૧) ત્રણ ૨) ચાર દિવસ ૩) ઈ-વાર્તા વાંચન સ્પર્ધા

૪) ઇન્ટરનેટ ૫) ઈ-બુક ૬) ટેબલેટ કે લેપટોપ

**જ.૩ સમાનાર્થી શબ્દ વર્તુળમાંથી શોધીને લખો.**

૧) દિવસ ૨) સમય ૩) સ્પર્ધા ૪) આભાર

**જ.૪ વિરોધી શબ્દ લખો.**

૧) રાત ૨) અજ્ઞાન ૩) શોક ૪) દૂર ૫) અડધો

## કાર્ય-પત્રિકા જવાબ - ૧

જ.૧ બાળકોને જોઈને દાદીનાં મનમાં વિચાર આવ્યો કે, બાળકોને ઉપયોગી જ્ઞાનવાળી વસ્તુ કરવાની પ્રેરણા આપવી પડશે.

જ.૨ બાળકોએ સરસ રીતે ઈ-વાર્તાની રજૂઆત કરી માટે દાદીને આનંદ થાય છે.

જ.૩ ઈલેક્ટ્રોનિક બુકમાં ઈલેક્ટ્રોનિક મેમરીમાં સંગ્રહાયેલ વાર્તા એટલે ઈ-વાર્તા.

**જ.૪ સાચી જોડણી પર વર્તુળ કરો.**

૧) ડાઉનલોડ ૨) ઇન્ટરનેટ ૩) વાર્તા ૪) સ્પર્ધા ૫) આધુનિક

## કાર્ય-પત્રિકા જવાબ - ૨

**જ.૧ નીચેના કૉમ્પ્યુટરમાં તમારા વિશે લખો.**

મારું નામ દેયાન છે. હું ૯ વર્ષનો છે.

હું વાપી શહેર/ગામમાં રહું છું.

મારા મિત્ર/સખી ના નામ દેવાંશ, જયાન છે.

મને ટી.વી. પર કાર્ટૂન જોવાનું ગમે છે.

૧) મારી પ્રિય પ્રવૃત્તિ - ચિત્રકલા ૨) મારો પ્રિય રંગ - કાળો

૩) વાનગી - દાળ-ભાત ૪) પ્રાણી - કૂતરો

૫) શોખ - ક્રિકેટ રમવું ૬) હું મોટો થઈ ક્રિકેટર બનવા માગું છું.

૭) પુસ્તકો - પંચતંત્ર

મારું ચિત્ર

# ૭ દિવાળી

## કાવ્યની રૂપરેખા

**દિવાળી → દિપાવલી**

- (૧) દિવાળીનો તહેવાર આવ્યો બાળકો માટે રજા અને મજા લાવ્યો.
- (૨) માતા-પિતા બાળકો માટે હલવાઈ પાસેથી મીઠાઈ લાવ્યા.
- (૩) મામા અને કાકા રમકડાં અને ફટાકડા લાવ્યા.
- (૪) મામી અને કાકી દીવડાં અને ચેવડો લાવ્યા.
- (૫) મિત્રો અને સખીઓ ભાઈચારાની ચાહત લાવ્યા હતા.
- (૬) દાદા અને દાદી સાથે મહેમાન આવ્યા અને નવા વર્ષના સપના લાવ્યા.

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓમાં તહેવારના આધારે ભાઈચારાની ભાવનાનો વિકાસ થશે.
૨) વિદ્યાર્થીઓ ભારતીય સાંસ્કૃતિક વારસાનો પરિચય મેળવશે.
૩) વિદ્યાર્થીઓ જીવનમાં ભાઈચારાની ભાવના કેળવશે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) કાવ્યનું યોગ્ય હાવભાવ સાથે ગાન કરાવવું.
૨) તહેવારો પ્રત્યે સકારાત્મક અભિગમ જાગૃત કરવો.
૩) ઉચ્ચારણ શુદ્ધિ પર ભાર મૂકવો.

## પ્રેરણા

૧) શિક્ષક વિદ્યાર્થીઓને ''રાજા રામનું અયોધ્યા નગરીમાં આગમન'' વાર્તા સંભળાવી દિવાળીનું પૌરાણિક મહત્ત્વ સમજાવશે.
૨) શિક્ષક દિવાળી સાથે સંકળાયેલી વાર્તા Youtube પર બતાવશે.

## શિક્ષણ પ્રવૃત્તિ

૧) શિક્ષક સૌ પ્રથમ વિદ્યાર્થીઓ સાથે અલગ - અલગ તહેવારની ચર્ચા કરશે.

## પ્રશ્નો

૧) તહેવાર એટલે શું?
૨) તહેવારો કેટલા પ્રકારના હોય છે?
૩) તહેવારોનું જીવનમાં શું મહત્ત્વ છે?

- વિદ્યાર્થીઓ સાથે ચર્ચાના આધારે કાવ્યના મહત્ત્વના મુદ્દાની ચર્ચા કરવી.

- શિક્ષક વિદ્યાર્થીઓને તહેવારમાં પરિવારના સભ્યનું શું મહત્ત્વ છે? તેની ચર્ચા કરશે. તેના આધારે કાવ્યના મહત્ત્વના મુદ્દાની ચર્ચા કરશે.
- ચર્ચાના આધારે કાવ્યની સમજૂતી વધુ સ્પષ્ટ કરશે.

## પ્રતિભાવ (Feedback)

૧) ઉત્તમ ચર્ચાની પ્રશંસા
૨) ખામીઓમાં સૂચના અને સુધારો કરવો
૩) કાવ્યગાનની ખામીઓનું નિવારણ.

## મૂલ્યાંકનના આધાર બિંદુ

૧) વિષયની કે મુદ્દાઓની રજૂઆત
૨) મુદ્દાઓની સમજણ
૩) વાક્ય રચના

## સામાન્ય ખામીઓ

૧) કાવ્યના ઉચ્ચારણમાં ત્રૂટીઓ રહેવી.

## સમસ્યા નિવારણ

- પિરિયડની શરૂઆતમાં પાંચ મિનિટ કાવ્યનું ગાન કરાવવું.

## અંતઃ વિષય દૃષ્ટિકોણ

૧) આ કાવ્યને પૌરાણિક વાર્તાઓ સાથે સાંકળીને વધુ સ્પષ્ટ કરવું. ઉ.દા. દિવાળી સાથે સંકળાયેલા પાંચ દિવસીય તહેવારની વાત કરવી.

## પ્રવૃત્તિ

તમને ગમતાં ચાર તહેવારનાં ચિત્ર લગાવો.

## રચનાત્મક અભિગમ

## સામાન્ય વિદ્યાર્થીઓ

૧) તમારા પ્રિય તહેવારનું નામ લખો.
૨) તહેવારમાં તમે શું-શું કરો છો તેની યાદી બનાવો.

## મધ્યમ વિદ્યાર્થીઓ

૧) ભારતના વિવિધ પ્રાંતમાં દિવાળી કયાં કયાં નામથી ઓળખાય છે? તે લખો. (કોઈ પણ પાંચ)
૨) દિવાળીમાં તમે શું કરો છો? તે પાંચ વાક્યમાં લખો.

## ઉત્તમ વિદ્યાર્થીઓ

૧) દિવાળીના તહેવારમાં ધ્વનિ પ્રદૂષણ કેવી રીતે અટકાવશો? તે વિશે બે-ત્રણ વાક્ય લખો.
૨) કાવ્યમાંથી સંજ્ઞા શોધીને લખો.

## ગૃહકાર્ય

૧) કોઈ પણ પાંચ વિદેશી તહેવારનાં નામ લખો.

## કાર્ય-પત્રિકા-૧

**પ્ર.૧ પ્રશ્નોના ઉત્તર લખો.**

૧) તમારા પ્રિય તહેવારનું નામ લખો.
૨) દિવાળીનો તહેવાર કયાં મહિનામાં આવે છે?
૩) દિવાળીના તહેવાર સાથે કઈ ધાર્મિક વાત સંકળાયેલી છે?
૪) દિવાળીનો તહેવાર કેમ યાદ રાખવામાં આવે છે?

**પ્ર.૨ ''તમારા પ્રિય તહેવાર'' વિશે પાંચ વાક્ય લખો.**

## કાર્ય-પત્રિકા-૨

**પ્ર.૧ કોઈ પણ પાંચ ધાર્મિક તહેવારનાં નામ લખો.**

**પ્ર.૨ કોઈ પણ ત્રણ રાષ્ટ્રીય તહેવારનાં નામ લખો.**

**પ્ર.૩ શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

૧) અતિથિ ૨) ધનતેરસ ૩) મીઠાઈ

## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ જવાબની શોધખોળ**

૧) આ કાવ્યમાં દિવાળીના તહેવારની વાત કરવામાં આવી છે.
૨) દિવાળીના તહેવારમાં મમ્મી અને પપ્પા હલવાઈ પાસેથી મીઠાઈ લાવ્યા હતા.
૩) દિવાળીના તહેવારમાં મામા રમકડાં અને કાકા ફટાકડાં લાવ્યા હતા.
૪) દિવાળીના તહેવારમાં મામી દીવડા અને કાકી નડીયાદી ચેવડો લાવ્યા હતા.
૫) દોડધામ વચ્ચે ભાઈચારાની ચાહત મિત્ર અને સખીઓની ટોળી લાવી હતી.
૬) નવા વર્ષના અરમાન દાદા, દાદી અને મહેમાનો લાવ્યા છે.

**જ.૨ કવિતામાં પ્રાસયુક્ત શબ્દોની જોડી શોધીને લખો.**

૧) રજા - મજા ૨) ચાહત - રાહત ૩) ફરમાન - અરમાન

**જ.૩ કાવ્યપંક્તિને યોગ્ય રીતે જોડી નીચે ફરી લખો.**

(૧-૫), (૨-૪), (૩-૧), (૪-૨), (૫-૩)

**જ.૪ નીચેના શબ્દના સમાનાર્થી અર્થવાળા શબ્દ કાવ્યમાંથી શોધીને લખો.**

૧) દિવાળી ૨) મહેમાન ૩) હલવાઈ ૪) ફરમાન

**જ.૫ નીચેના ચિત્ર ઓળખી તેમનાં નામ લખો.**

૧) શિક્ષિકા ૨) લુહાર ૩) ડૉક્ટર
૪) ચિત્રકાર ૫) પત્રકાર ૬) રસોઈયો

**જ.૬ નીચેના જોડકાં જોડો.**

(૧-૬), (૨-૫), (૩-૪), (૪-૩), (૫-૨), (૬-૧)

**જ.૭ જાતિ બદલો.**

૧) દાદી ૨) નાની ૩) બાપ ૪) કાકી
૫) મામી ૬) માસા ૭) ફુવા

**જ.૮ વિદ્યાર્થીઓ પોતાની રીતે કરશે.**

## કાર્ય-પત્રિકા જવાબ - ૧

**જ.૧ પ્રશ્નોના ઉત્તર લખો.**

૧) વિદ્યાર્થીઓ સ્વભાષામાં લખશે.
૨) આસો મહિનો.
૩) ''રાજા રામનું અયોધ્યા નગરીમાં આગમન''ની ધાર્મિક વાત સંકળાયેલી છે.
૪) અંધારા પર પ્રકાશ અને દુષ્ટ પર સારાનો વિજય માટે આ તહેવાર યાદ રાખવામાં આવે છે.

**જ.૨ ''તમારા પ્રિય તહેવાર'' વિશે પાંચ વાક્ય**
**(વિદ્યાર્થીઓ સ્વભાષામાં જવાબ લખશે.)**

## કાર્ય-પત્રિકા જવાબ - ૨

**જ.૧ કોઈ પણ પાંચ ધાર્મિક તહેવારનાં નામ લખો.**

૧) દિવાળી ૨) હોળી ૩) ઈદ
૪) નાતાલ ૫) નવરાત્રિ

**જ.૨ કોઈ પણ ત્રણ રાષ્ટ્રીય તહેવારનાં નામ લખો.**

૧) ૧૫મી ઓગસ્ટ ૨) ૨૬મી જાન્યુઆરી ૩) ગાંધી જયંતી

**જ.૩ શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

૧) અતિથિ ભગવાન સમાન હોય છે.

૨) ધનતેરસના દિવસે ધનની પૂજા થાય છે.

૩) મને મીઠાઈ ભાવે છે.

# ૮ ગૌરી ગાય

## પાઠની રૂપરેખા

**ગૌરી ગાય**

(૧) ગાયની દાદી સાથે પૂજા કરવા જવું.

(૨) ગાયના મહત્ત્વ વિશે ચર્ચા કરવી.

(૩) ગાયના બચ્ચાંને વાછરડું કહે છે.

(૪) મોટા થતાં વાછરડી – ગાય અને વાછરડો – બળદ બને છે.

(૫) રંગ : કાળો, ધોળો કે કાબર ચીતરો
ખોરાક : ચારો, પૂળા અને દાણા

(૬) અલગ-અલગ નામો
- ગૌમાતા
- કામધેનુ

(૭) પ્રસિદ્ધ ગાયો
- ગીરગાય
- કાંકરેજી ગાય

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ જીવનમાં પ્રાણી પ્રત્યે પ્રેમ વિકસાવશે.
૨) વિદ્યાર્થીઓ જીવદયાનું મહત્ત્વ સમજશે.
૩) વિદ્યાર્થીઓ ગૌમાતા પ્રત્યે આદર વિકસાવશે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓની ભાષાકિય ક્ષમતાનો વિકાસ કરવો.
૨) ઉચ્ચારણ શક્તિનો વિકાસ કરવો.
૩) પ્રાણી પ્રત્યે સકારાત્મક દૃષ્ટિકોણનો વિકાસ કરવો.

## અભિપ્રેરણા

- શિક્ષક વિદ્યાર્થીઓને 'પાલતું પ્રાણી' કે 'આપણા સાથી' વાર્તા સંભળાવીને ગાયનું મહત્ત્વ સમજાવશે.
- શિક્ષક Youtube પર 'ગાય' વિશે કાવ્ય બતાવશે.

## શિક્ષણ પ્રવૃત્તિ

- શિક્ષક વિદ્યાર્થીઓને વિવિધ પ્રશ્નો પૂછશે.

૧) તમારામાંથી કોના ઘરે પાલતું પ્રાણી છે?
૨) કયા કયા પાલતું પ્રાણી છે?
૩) પાલતું પ્રાણી તમને કેવી રીતે ઉપયોગી છે? વગેરે પ્રશ્નો પૂછીને ચર્ચા કરશે. જવાબની મદદથી ગાય વિશે પૂછશે.
૪) શિક્ષક ગાયના અલગ-અલગ ચિત્ર (ફોટા) બતાવી તે વિશે પૂછશે અને ચર્ચા કરશે.

## ઉદા.

૧) ફોટામાં માણસ ગાય પાસેથી શું લે છે? (દૂધ)
૨) ગાયને ખાવા માટે કઈ કઈ વસ્તુઓ આપી છે? (પૂળા અને દાણા)
૩) દૂધમાંથી આપણે કઈ કઈ વસ્તુઓ બનાવી શકાય છે?
૪) શિક્ષક બાળકોને વાછરડી અને વાછરડાનો ફોટો બતાવી તે વિશે સમજાવશે.

- શા માટે ગાયને પાળવામાં આવે છે? આ પ્રશ્નો પૂછીને ગાય વિશે વધુ સમજણ આપશે.
- અંતે ગુજરાત પ્રદેશની વિવિધ ગાયો બતાવી તેની સમજણ આપશે.

## પ્રતિભાવ (Feedback)

- ઉચ્ચારણની સમસ્યાનું નિવારણ કરવું
- ઉત્કૃષ્ટ કાર્યની પ્રશંસા
- સુધારો કરવા માટે સલાહ-સૂચન આપવું

## મૂલ્યાંકનના આધાર બિંદુ

- વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ
- ભાષાકિય ક્ષમતાનો વિકાસ
- પ્રશ્નોના ઉત્તરની ચર્ચા
- ઉચ્ચારણ શુદ્ધતા અને સ્પષ્ટતા

## સામાન્ય ખામીઓ

૧) ઉચ્ચારણ સંબંધી ખામીઓ
૨) ચર્ચા કરતી વખતે ઉદ્‌ભવતી યોગ્ય વાક્ય રચનાની ખામીઓ

## નિવારણ

- ઉચ્ચારણ સંબંધી ખામીઓ માટે જે શબ્દ કે વાક્યના ઉચ્ચારણમાં ખામીઓ લાગે તે શબ્દ કે વાક્યના વાંચન પર ભાર મૂકવો.
- વિદ્યાર્થીઓને અલગ-અલગ શબ્દ આપી તે વિશે વાક્ય બનાવતા શીખવશે. જેથી વાક્યરચનાની ખામી દૂર કરી શકાશે.

## અંતઃવિષય દૃષ્ટિકોણ

૧) આ પાઠ સામાજિક વિજ્ઞાન, પર્યાવરણ, પૌરાણિક કથાઓ જેવા વિષયોને આવરી લે છે.
૨) આ પાઠ દ્વારા પૌરાણિક કથામાં કામધેનુનું મહત્ત્વ સમજશે, સાથોસાથ સ્વતંત્ર વિચારશૈલીનો વિકાસ થશે.

## રચનાત્મક કાર્ય

દૂધમાંથી બનતી કોઈ પણ પાંચ વાનગીનાં નામ લખો.

## વિદ્યાર્થીઓ માટેનું મૂલ્યાંકન

### સામાન્ય વિદ્યાર્થીઓ માટે

૧) પાલતું પ્રાણી કોને કહેવાય છે?
૨) પાલતું પ્રાણીઓનાં નામ લખો.

### મધ્યમ વિદ્યાર્થીઓ માટે

૧) 'કૂતરા' વિશે પાંચ વાક્ય લખો.
૨) મારા સાથીદાર પ્રાણી વિશે લખો.

## ઉત્તમ વિદ્યાર્થીઓ માટે

૧) ''જો હું ગાય હોઉં તો'' વિશે પાંચ વાક્ય લખો. ૨) પાઠમાં આવતી સંજ્ઞા શોધીને લખો.

## ગૃહકાર્ય

૧) તમારી આજુબાજુ દેખાતી ગાય વિશે માહિતી મેળવીને લખો.

## કાર્ય-પત્રિકા-૧

**પ્ર.૧ નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧) ગાય વિશે બે વાક્ય લખો. ૨) ગાયમાંથી મળતી કોઈ પણ બે વસ્તુનો ઉપયોગ લખો.

૩) ગાયને ગૌ માતા કેમ કહેવાય છે ?

**પ્ર.૨ સમાનાર્થી શબ્દો લખો.**

પવિત્ર - .......... પૌષ્ટિક - .......... પ્રેમ - .......... મમ્મી - ..........


**પ્ર.૩ વિરોધી શબ્દો લખો.**


પૌષ્ટિક × .......... રૂપાળી × .......... પ્રેમ × .......... પાલતું × ..........

## કાર્ય-પત્રિકા-૨


**દૂધની બનાવટ**

**નીચે આપેલ ચિત્રમાં બતાવેલી વસ્તુઓ દૂધમાંથી બનેલી વસ્તુઓ સામે (✓) કરો.**

 ☐  ☐  ☐

 ☐  ☐  ☐

**નીચે આપેલા ગાયના ચિત્રમાં અંગૂઠાની છાપની મદદથી રંગ પૂરો.**



## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ જવાબની શોધખોળ**

૧) દાદી રોજ સવાર સાંજ ગાય માતાની પૂજા કરતા હતા.
૨) ગાય માતાને સવાર સાંજ દાદી ભાખરી, રોટલી કે રોટલો આપતા હતા.
૩) પૌરાણિક સાહિત્યમાં કામધેનુનો ભારે મહિમા ગાવામાં આવ્યો છે.
૪) ગાયનું દૂધ પૌષ્ટિક અને સ્વાદિષ્ટ હોય છે.

**જ.૨ એક શબ્દમાં જવાબ લખો.**

૧) છાશ ૨) વાછરડું ૩) ગાય ૪) બળદ
૫) ચારો, પૂળા અને ઘાસ ૬) ગૌમાતા ૭) ગીર, કાકરેજી ૮) ગૌરી ગાય

**જ.૩ નીચે આપેલ ખાનામાં દૂધમાંથી બનતી વાનગીઓનાં નામ લખો.**

દહીં, માખણ, ઘી, પનીર, છાશ, માવો, દૂધપાક

**જ.૪ સમાનાર્થી શબ્દની શોધખોળ કરો.**

૧) કામદા ૨) તક્ર ૩) ગાય ૪) ઉપાસના, આરાધના ૫) પશુ

**જ.૫ વિરોધી શબ્દની શોધખોળ લખો.**

૧) સાંજ ૨) અધર્મ ૩) દિવસ ૪) બેસ્વાદ ૫) અપવિત્ર

**જ.૬ નીચેના શબ્દોની સાચી જોડણી પર વર્તુળ કરો.**

પવિત્ર પૌષ્ટિક પ્રાણી વિધિ ધાર્મિક

**જ.૭**

| | | | |
|---|---|---|---|
| પ્રાણી | પંખી | જંતુ | વસ્તુઓ |
| બળદ | મોર | કીડી | બળદગાડું |
| ગાય | કાગડો | પતંગિયું | માળો |

## કાર્ય-પત્રિકા જવાબ - ૧

**જ.૧ નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

જ. ૧. ગાયનો રંગ કાળો, ધોળો કે કાબર ચીતરો હોય છે. ૨. ગાય રૂપાળી લાગે છે.
જ. ગાયનું છાણ - છાણમાંથી ખાતર બનાવવામાં આવે છે.
ગૌમૂત્ર - ગાયના ગૌ મૂત્રનો ઉપયોગ ધાર્મિક વિધિમાં કરવામાં આવે છે.
જ. ગાયના શરીરમાં ૩૩ કોટી દેવતાઓનો વાસ હોવાથી તેને ગૌ-માતા કહેવાય છે.

**જ.૨ સમાનાર્થી શબ્દની શોધખોળ કરો.**

પાવન, શુદ્ધ શક્તિવર્ધક, પુષ્ટ કરનાર સ્નેહ માતા

**જ.૩ વિરોધી શબ્દની શોધખોળ લખો.**

૧) અપૌષ્ટિક ૨) કદરૂપી ૩) નફરત ૪) જંગલી

## કાર્ય-પત્રિકા જવાબ - ૨

**જ. દૂધમાંથી બનતી વસ્તુઓ :** ૧) ખીર ૨) ચા ૩) માખણ ૪) છાશ

# ૯ પવન દેવનો અહંકાર

## પાઠની રૂપરેખા

**પવન દેવનો અહંકાર**

↓

**અભિમાન**

(૧) પવનદેવને અહંકાર થવો.

(૨) સૂર્યદેવને પડકાર આપવો કે, ''હું શક્તિશાળી છું.''

(૩) સૂર્યદેવ પવનદેવના અહંકારને સમજી ગયા.

(૪) સૂર્યદેવનો પવનદેવને પડકાર આપવો.

(૫) પડકારમાં પવનદેવનું હારવું.

(૬) સૂર્યદેવ દ્વારા પડકાર જીતવો.

(૭) સૂર્યદેવ દ્વારા અહંકાર બુદ્ધિને નાશ કરે છે. તેની સમજણ આપવી.

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ જીવનમાં અહંકારના નિર્મૂલ્યનું મહત્ત્વ સમજશે.

૨) વિદ્યાર્થીઓ જીવનમાં બુદ્ધિનો સદ્ઉપયોગ કરતા શીખશે.

૩) વિદ્યાર્થીઓ જીવનમાં અહંકાર દ્વારા બુદ્ધિનો નાશ થાય છે તે વિશે જ્ઞાન મેળવશે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) જીવનમાં અહંકાર મુક્ત રહેવું તે વિશે જ્ઞાન મેળવશે.

૨) ભાષાકિય ક્ષમતામાં વિકાસ થશે.

૩) વાંચન, લેખન, કથન અને શ્રવણ શક્તિનો વિકાસ થશે.

## અભિપ્રેરણા

૧) શિક્ષક Youtube પર 'પવનદેવનો અહંકાર' વાર્તા બતાવશે.

## શિક્ષણ પ્રવૃત્તિ

૧) વર્ગમાં વિદ્યાર્થીઓને અલગ અલગ ચાર સમૂહમાં બેસાડવામાં આવશે.

૨) દરેક સમૂહને પાઠનો અલગ અલગ ફકરો આપવામાં આવશે. વાંચન માટે યોગ્ય સમય આપવામાં આવશે.

૩) દરેક સમૂહમાંથી એક વકતા પાઠના અલગ-અલગ ફકરાથી રજૂઆત કરશે.

૪) આમ વિદ્યાર્થીઓ પાઠનો સ્વ અભ્યાસ કરશે.

૫) જરૂર પડે ત્યારે શિક્ષક વિદ્યાર્થીઓની મદદ કરશે.

૫) વિદ્યાર્થીઓ સ્વઅધ્યન કરતા શીખશે.

## પ્રતિભાવ (Feedback)

- ઉત્તમકાર્યની પ્રશંસા
- ખામીઓમાં સૂચના આપવી

## મૂલ્યાંકનના આધાર બિંદુ

૧) વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ
૨) ઉચ્ચારણની શુદ્ધતા અને સ્પષ્ટતા
૩) યોગ્ય વાક્યરચનાની રજૂઆત

## સામાન્ય ખામીઓ

૧) ઉચ્ચારણ ખામીઓ
૨) વાક્યરચનાની ગોઠવણ

## નિવારણ

૧) વિદ્યાર્થીઓને સતત કઠિન શબ્દનું ઉચ્ચારણ કરાવવું.
૨) સતત નવા શબ્દની મદદથી વાક્ય બનાવવાનો પ્રયાસ કરાવવો.

## અંતઃ વિષય દૃષ્ટિકોણ

૧) વિદ્યાર્થીઓ માનવ અને કુદરતી નિર્મિત વસ્તુઓની સમજણ મેળવશે.
૨) વિદ્યાર્થીઓ વિજ્ઞાન, પર્યાવરણ અને પૌરાણિક કથા દ્વારા પાઠનું મહત્ત્વ સમજશે.

## રચનાત્મક કાર્ય

૧) પવનદેવના ચાર જુદા જુદા નામ લખો.
૨) સૂરજદેવના ચાર જુદા જુદા નામ લખો.

## રચનાત્મક અભિગમ

### સામાન્ય વિદ્યાર્થીઓ માટે

૧) સૂર્યદેવ કઈ દિશામાં ઊગે અને આથમે છે?
૨) 'અકબર બિરબલ'ની કોઈ પણ એક વાર્તા વાંચો.

### મધ્યમ વિદ્યાર્થીઓ માટે

૧) ''પવન ન હોય તો શું થાય?'' તે વિશે લખો.
૨) જુદી જુદી દિશાઓનાં નામ લખો.

### ઉત્તમ વિદ્યાર્થીઓ માટે

૧) બુદ્ધિના સદ્‌ઉપયોગના ફાયદા લખો.
૨) સંજ્ઞા પાઠમાંથી શોધીને લખો.

## ગૃહકાર્ય

કોઈ પણ એક 'બુદ્ધિચાતુર્ય' ની વાર્તા શોધીને લખો.

## કાર્ય-પત્રિકા-૧

**પ્ર.૧ એક શબ્દમાં જવાબ લખો.**

૧) દરેક સ્થિતિમાં શેનાથી મુક્ત રહેવું જોઈએ?
૨) કોઈ પણ એક માનવનિર્મિત વસ્તુનું નામ લખો.
૩) પોતાની શક્તિ પર કોને અભિમાન હતું?
૪) પવનદેવને કોણે સમજણ આપી ?

**પ્ર.૨ શબ્દનિર્માણ – 'સ' અને 'અ' નો ઉપયોગ કરી અર્થપૂર્ણ ૪ શબ્દ બનાવો**

ઉ.દા. – સૂરજ ઉ.દા. – અમર

**પ્ર.૩ 'જો પવન ન હોત તો' કે 'જો સૂર્ય ન હોત' જીવસૃષ્ટિ પર શું થાત તે વિશે તમારા મિત્ર અને શિક્ષક સાથે ચર્ચા કરો.**

## કાર્ય-પત્રિકા-૨

**પ્ર.૧ 'મને પ્રકાશિત કરો' નીચેની કઈ વસ્તુમાંથી તમને પ્રકાશ મળે છે તેનાં પર (✓) કરો અને તેનાં નામ લખો.**

(૧) (૨) (૩) (૪) (૫) (૬) (૭)



**પ્ર.૨ નીચેની કઈ વસ્તુમાં હવાનો ઉપયોગ થાય છે તેનાં પર વર્તુળ કરો.**

| | | | |
|---|---|---|---|
| ૧) કુગ્ગો | ૨) સાઇકલ | ૩) ગાડી | ૪) પેન |
| ૫) દૂધ | ૬) ખુરશી | ૭) પંખો | ૮) મીઠાઈ |

## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ જવાબની શોધખોળ**

૧) પવનદેવને પોતાની શક્તિનો અહંકાર હતો.

૨) સૂર્યદેવે પવનદેવને પોતાની શક્તિથી કોઈ એક ગરીબ વ્યક્તિના કપડાં ઉતારી દેખાડવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.

૩) પવનદેવે પોતાની ગતિ વધારી જેના કારણે ગરીબને ઠંડી લાગવા લાગી એટલે કપડાં પહેરવા લાગ્યો.

૪) ગરીબ વ્યક્તિ સૂર્યદેવની ગરમીના લીધે એક પછી એક કપડા ઉતારવા લાગ્યો. આમ સૂર્યદેવે પોતાની શક્તિથી પવનદેવનો અહંકાર નાશ કર્યો.

૫) તમારી પાસે શક્તિ છે પણ તમારો અહંકાર તમારી બુદ્ધિને નાશ કરે છે માટે આપણે શક્તિઓ પર અહંકાર કરવો નહી.

૬) આપણી શક્તિઓ પર અહંકાર કરવો નહી. શક્તિનો સદ્ઉપયોગ કરવો જોઈએ.

**જ.૨ એક શબ્દમાં જવાબ લખો.**

૧) ઠંડી લાગી માટે ૨) તાપ લાગ્યો માટે ૩) બુદ્ધિનો

**જ.૩ કોણ બોલે છે તે લખો.**

૧) પવનદેવ ૨) પવનદેવ ૩) સૂર્યદેવ

**જ.૪ સમાનાર્થી શબ્દ શોધી વાક્ય બનાવો.**

૧) રવિ – વરસાદ બંધ થયો અને રવિ ઝળકતાં લાગ્યો.

૨) અનિલ – સૂર્યાસ્ત પછી અનિલ ઝડપથી વહેવા લાગ્યો.

૩) રંક – મારી સંસ્થા રંક લોકોની મદદ કરે છે.

૪) વસ્ત્ર - શિયાળામાં ઊનના વસ્ત્ર પહેરવામાં આવે છે.

૫) અભિમાન - અભિમાન એ વાસ્તવિક છે.

૬) બળ - હનુમાન બળવાન હતાં.

૭) દેહ - દર સેકંડે, કરોડો કોશિકાઓ આપણા દેહમાં મૃત્યુ પામે છે અને કરોડો જન્મે છે.

**જ.૫ વિરોધી શબ્દને શોધીને લખો.**

૧) શ્રીમંત ૨) અશક્તિ ૩) ઘટતી ૪) ઠંડી

**જ.૬ કૌંસમાં આપેલા શબ્દનો ઉપયોગ કરી 'સૂરજ' વિશે વાક્ય લેખન કરો.**

૧) પૂર્વદિશા ૨) પશ્ચિમદિશા ૩) તારો ૪) વાયુનો ગોળો

૫) ગરમી અને પ્રકાશ ૬) સૂરજદાદા

**જ.૭ વિદ્યાર્થીઓ પોતાની રીતે લખશે.**

## કાર્ય-પત્રિકા જવાબ - ૧

**જ.૧ એક શબ્દમાં જવાબ લખો.**

૧. અહંકાર ૨. ઘર ૩. પવનદેવ ૪. સૂર્યદેવ

**જ.૨ શબ્દનિર્માણ - 'સ' અને 'અ' નો ઉપયોગ કરી અર્થપૂર્ણ શબ્દ બનાવો**

| ઉ.દા. - સૂરજ | ઉ.દા. - અમર |
|---|---|
| ૧. સરસ | ૧. અજય |
| ૨. સમીર | ૨. અરવિંદ |
| ૩. સમય | ૩. અજગર |
| ૪. સરસર | ૪. આવ |

**જ.૩ 'જો પવન ન હોત તો' કે 'જો સૂર્ય ન હોત' જીવસૃષ્ટિ પર શું થાત તે વિશે તમારા મિત્ર અને શિક્ષક સાથે ચર્ચા કરો.**

| 'જો પવન ન હોત તો' | 'જો સૂર્ય ન હોત' |
|---|---|
| **૧)** આપણે શ્વાસ ન લઈ શકીએ. | **૧)** આપણને પ્રકાશ ન મળી શકે. |
| **૨)** આપણે પૃથ્વી પર જીવી ન શકીએ. | **૨)** આપણને વિટામિન ન મળી શકે. |
| **૩)** પૃથ્વી પર જીવસૃષ્ટિ ન રહે. | **૩)** આપણને અંધારામાં રહેવું પડે. |

## કાર્ય-પત્રિકા જવાબ - ૨

**જ.૧ 'મને પ્રકાશિત કરો' નીચેની કઈ વસ્તુમાંથી તમને પ્રકાશ મળે છે તેનાં પર (✓) કરો અને તેનાં નામ લખો.**

(૧) બલ્બ (૪) મીણબત્તી (૬) સૂરજ

**જ.૨ નીચેની કઈ વસ્તુમાં હવાનો ઉપયોગ થાય છે તેના પર વર્તુળ કરો.**

૧) ફુગ્ગો ૨) સાઈકલ ૩) ગાડી ૭) પંખો

# ૧૦ મારે ગુજરાતી ભણવું છે

## કાવ્યની રૂપરેખા

મારે ગુજરાતી ભણવું છે.

(૧) બાળકને ગુજરાતીમાં સ્વર, વ્યંજન, વાર્તા અને કવિતા સાથે બાળગીત ગાવુ છે.

(૨) બાળકને માતૃભાષાને સમજવી છે.

(૩) બાળકને ગુજરાતીમાં નિબંધ લખવો અને સંવાદ બોલવો છે.

(૪) બાળકને ગુજરાતીમાં ગુજરાતનો ઈતિહાસ અને ભૂગોળ જાણવો છે.

(૫) બાળકને ગુજરાતી શીખીને ગુજરાતનું ગૌરવ વધારવું છે.

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ માતૃભાષા પ્રત્યે પ્રેમ વિકસાવશે.
૨) વિદ્યાર્થીઓ વિદેશી અને દેશી ભાષા વચ્ચેનો ભેદ સમજશે.
૩) વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય ભાષાનું મહત્ત્વ સમજશે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ કાવ્ય ગાનનું મહત્ત્વ સમજશે. ૨) વિદ્યાર્થીઓ કાવ્યના ભાવાર્થને સમજશે.

## અભિપ્રેરણા

- શિક્ષક વિદ્યાર્થીઓ સાથે રાષ્ટ્રીય ભાષા અને માતૃભાષા વિશેની ચર્ચા કરીને અજ્ઞાનથી જ્ઞાન તરફ લઈ જશે.

## શિક્ષણ પ્રવૃત્તિ

- શિક્ષક વિદ્યાર્થીઓને ભાષા દ્વારા શું શું શીખવા મળે છે? તે વિશે પ્રશ્ન પૂછશે.
- વિદ્યાર્થીઓના પ્રશ્નોના આધારે ચર્ચા કરશે.

## ભાષાદ્વારા શીખવા મળે

(૧) સ્વર (૨) વ્યંજન (૩) શબ્દ (૪) વાક્ય (૫) વાંચન (૬) કાવ્ય
(૭) પાઠ (૮) ચિત્રવર્ણન (૯) બાળગીત (૧૦) બાળવાર્તા (૧૧) લેખન

- આમ વિદ્યાર્થીઓ ચર્ચા દ્વારા સમગ્ર કાવ્યનો ભાવાર્થ સમજશે.
- વિદ્યાર્થીઓને જરૂર પડે ત્યાં શિક્ષક સહાય કરશે.

## પ્રતિભાવ Feedback

૧) ઉત્તમ કાર્યની પ્રશંસા ૨) ઉચ્ચારણની સમસ્યા

## મૂલ્યાંકનના આધાર બિંદુ

૧) વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ ૨) ઉચ્ચારણ શુદ્ધતા ૩) ચર્ચામાં સહભાગી

## સામાન્ય ખામીઓ

૧) ઉચ્ચારણની ખામીઓ ૨) કાવ્યગાનની સમસ્યા

## અંતઃવિષય દૃષ્ટિકોણ

૧) દરેક ભાષા સાથે કાવ્યને આવરી લેવું. જેથી જે તે ભાષાની સમજણ મેળવશે.

## રચનાત્મક કાર્ય

૧) બાળકને ગુજરાતી ભાષામાં શું શું કરવું છે? તેની યાદી બનાવી લખો.

## રચનાત્મક અભિગમ

## સામાન્ય વિદ્યાર્થીઓ માટે

૧) ગુજરાતીમાં સ્વર લખો. ૨) ગુજરાતીમાં વ્યંજન લખો.

## મધ્યમ વિદ્યાર્થીઓ માટે

૧) ગુજરાતી ભાષામાં 'આ'ની માત્રા વાળા પાંચ શબ્દો લખો.
૨) ગુજરાતીમાં 'ઈ' ની માત્રાવાળા પાંચ શબ્દ લખો.

## ઉત્તમ વિદ્યાર્થીઓ માટે

૧) ગુજરાતી ભાષામાં બારાખડી લખો.
૨) હિંદી ભાષામાં બારાખડી લખો.

## ગૃહકાર્ય

- ભારતમાં બોલાતી અલગ-અલગ ભાષાની યાદી બનાવો અને તમારી નોંધપોથીમાં લખો.

## કાર્ય-પત્રિકા-૧

**પ્ર.૧ સાચી જોડણી પર વર્તુળ કરો.**

૧) માતુભાષા માતૃભાષા ૨) નીબંધ નિબંધ
૩) ઈતિહાસ ઈતીહાસ ૪) ગોરવ ગૌરવ ૫) વાંતા વાર્તા

**પ્ર.૨ ''તમારી માતૃભાષા'' વિશે પાંચ વાક્ય લખો.**

## કાર્ય-પત્રિકા-૨

**પ્ર.૧ નીચે આપેલા ચિત્રનું અવલોકન કરી તે વિશે ૭ થી ૧૦ વાક્ય લખો.**



## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ જવાબની શોધખોળ**

૧) બાળકને ગુજરાતી ભાષા ભણવી છે. ૨) બાળકને ક, ખ, ગ, અને નિબંધ લખવો છે.
૩) બાળકને ગુજરાતીમાં ગુજરાતનો ઈતિહાસ અને ભૂગોળ ભણવા છે.
૪) બાળકને ગુજરાતીનું ગૌરવ વધારવું છે. ૫) આપણી રાષ્ટ્રભાષા હિંદી છે.
૬) આ કાવ્યમાં ગુજરાતી, ઈતિહાસ અને ભૂગોળ વિષયના ઉલ્લેખ થયા છે.

**જ.૨ શબ્દનિર્માણ 'ગૂ' 'મૂ' નો ઉપયોગ કરી અર્થપૂર્ણ શબ્દ બનાવો.**

ગુરુ, ગુલાલ, ગુમાન, ગુરુજી, ગુવાર મૂઠ, મૂક, મૂરખ, મૂખ, મૂષક

**જ.૩ જોડકાં જોડો.**

૧) ગીત ૨) લેખન ૩) કથન ૪) ગાન

**જ.૪ કાવ્યપંક્તિ પૂર્ણ કરો.**

૧) ગુજરાતીમાં ક, ખ, ગ લખવા છે.
ગુજરાતીમાં અ, આ, ઈ ગાવા છે.
મારે ગુજરાતી ભણવું છે.

૨) મારે ગુજરાતી ભણવું છે.
મારે ગુજરાતનું ગૌરવ વધારવું છે.
મારે ગુજરાતી ભણવું છે.

**જ.૫ સમાનાર્થી શબ્દ પુસ્તકમાંથી શોધીને લખો.**

૧) કાવ્ય ૨) નમસ્તે ૩) ગૌરવ ૪) વાર્તા ૫) વહાલી

**જ.૬ દરેક ભાષાની માતા તરીકે સંસ્કૃત ભાષા ઓળખાય છે.**

## કાર્ય-પત્રિકા જવાબ - ૧

**જ.૧ સાચી જોડણી પર વર્તુળ કરો.**

૧) માતૃભાષા ૨) નિબંધ ૩) ઈતિહાસ ૪) ગૌરવ ૫) વાર્તા

**જ.૨ વિદ્યાર્થીઓ સ્વભાષામાં પોતાની રીતે લખશે.**

## કાર્ય-પત્રિકા જવાબ - ૨

**જ.૧ વિદ્યાર્થીઓ સ્વભાષામાં પોતાની રીતે લખશે.**

# ૧૧ ચાલો હવે ગુજરાતી અંકો સમજીએ

## ઉદ્દેશ્ય

અંકોનો રોજિંદા જીવનમાં ઉપયોગ સમજશે.

## પ્રવૃત્તિ

- શિક્ષકોએ દરેક વિદ્યાર્થીઓને અલગ-અલગ અંકો ચિઠ્ઠી પર લખી આપવા.
- અંકોની રમત રમાડવી ૧-૧૦ (દસ નંબર કુટુંબના સભ્ય) ૩૦ સેકન્ડમાં એકબીજાને શોધીને સાથે થઈ જવું.
- એવી જ રીતે બધા અંકોના કુટુંબ ભેગાં કરી તેની ઓળખ કરાવી સમજણ આપવી.

## કાર્ય-પત્રિકા-૧

**પ્ર. ૧ અંકોને શબ્દમાં લખો.**

| | |
|---|---|
| ૧૧ - .................... | ૧૪ - .................... |
| ૧૬ - .................... | ૩૫ - .................... |
| ૨૨ - .................... | ૬ - .................... |
| ૮ - .................... | ૪૫ - .................... |
| ૩૯ - .................... | ૨૫ - .................... |

## કાર્ય-પત્રિકાના જવાબો

**જ. ૧ અંકોને શબ્દમાં લખો.**

| | |
|---|---|
| અગિયાર | ચૌદ |
| સોળ | પાંત્રીસ |
| બાવીસ | છ |
| આઠ | પિસ્તાલીસ |
| ઓગણચાલીસ | પચ્ચીસ |

# ૧૨ દાદા વહાલા

## કાવ્યની રૂપરેખા

**દાદા વહાલા**

(૧) બાળકને દાદા-દાદી અને નાના-નાની સૌથી વહાલા હોય છે.

(૨) હંમેશાં વડીલો બાળક પર પ્રેમનો વરસાદ વરસાવે છે.

(૩) સારું શિક્ષણ આપે છે. સાથોસાથ પ્રેરણાદાયક વાર્તા સંભળાવે છે.

(૪) પ્રભુની ભક્તિ વિશે જ્ઞાન પણ આપતા. પ્રભુભક્તિની સમજણ આપતા.

(૫) પ્રેમથી સાચું જ્ઞાન આપતા અને મમ્મી પપ્પાના મારથી બચાવતા હતા.

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ વડીલોના સ્નેહ અને મમતાને સમજશે.
૨) વિદ્યાર્થીઓ વડીલો દ્વારા અપાતા સંસ્કારનું મહત્ત્વ સમજશે.
૩) વિદ્યાર્થીઓ વડીલોને આદર અને સન્માન કરતા શીખશે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) જીવનમાં વડીલો પ્રત્યે સકારાત્મક દષ્ટિકોણ વિકસાવશે. ૨) વિદ્યાર્થીઓ કાવ્યગાનનું મહત્ત્વ સમજશે.
૩) વિદ્યાર્થીઓ ભાષાકિય ક્ષમતાનો વિકાસ કરશે.
૪) વિદ્યાર્થીઓ શ્રવણ અને કથન કૌશલ્યનો વિકાસ કરશે.

## અભિપ્રેરણા

૧) શિક્ષક વિદ્યાર્થીઓને તેમના ઘરના વડીલો વિશે પૂછશે.
ઉદા. (૧) તમારા ઘરમાં સૌથી મોટા વ્યક્તિ કોણ છે?
૨) તમને તેમની પાસેથી શું શીખવા મળે છે? ૩) તમે એમને કઈ નવું શીખડાવો છો?
૪) તમે મસ્તી કરો ત્યારે તમને કેવી રીતે સમજાવે છે?

## દાદા/દાદી

જેમ પ્રશ્નો પૂછાય તેમ ઉત્તર લખો. તેના આધારે કાવ્યની સમજણ આપો.

## પ્રતિભાવ

૧) ઉચ્ચારણ સમસ્યાનું નિવારણ કરવું ૨) ઉત્તમ કાર્યની પ્રશંસા ૩) ખામીઓમાં સુધારો કરવો.

## મૂલ્યાંકનના આધાર બિંદુ

૧) વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ ૨) ઉચ્ચારણની શુદ્ધતા અને સ્પષ્ટતા
૩) ભાષા પર તેમની (બાળકોની) પકડ ૪) શબ્દ ભંડોળ

## સામાન્ય ખામીઓ

- ઉચ્ચારણમાં ખામી

## નિવારણ

- શિક્ષક વિદ્યાર્થીઓને તાસની અંતની પાંચ મિનિટમાં કઠિન શબ્દનું ઉચ્ચારણ કરાવશે.

## અંતઃવિષય દૃષ્ટિકોણ

- વિદ્યાર્થીઓ જીવનના દરેક વિષય સાથે વડીલોના મહત્ત્વને સમજશે.

## રચનાત્મક કાર્ય

- તમારા દાદા-દાદીની, નાના-નાનીની મુલાકાત (Interview) લો. તેમને પાંચ પ્રશ્નો પૂછીને તે વિશે ચાર્ટ પેપર પર સુંદર અક્ષરે લખો.

## સામાન્ય વિદ્યાર્થીઓ માટે

૧) તમારા ઘરના સૌથી નાના સભ્યનું નામ લખો. ૨) તમારા ઘરના સૌથી મોટા સભ્યનું નામ લખો.

## મધ્યમ વિદ્યાર્થીઓ માટે

૧) તમારા દાદાની ગમતી બે સારી વાત લખો. ૨) તમારા માસી કે ફોઈ વિશે બે વાક્ય લખો.

## ઉત્તમ વિદ્યાર્થીઓ માટે

૧) કાવ્યમાં વપરાયેલી સંજ્ઞા શોધીને લખો.

૨) તમારા દાદા-દાદી કે નાના-નાની પર બે લાઈનનું કાવ્ય લખો.

## ગૃહકાર્ય

તમારા કોઈપણ પાંચ મિત્રો કે સખીના નાના-નાની કે દાદા-દાદીના નામ પૂછીને તેની યાદી બનાવો.

## કાર્ય-પત્રિકા-૧

**‘મારું કુટુંબ’ વિશે ૧૦ વાક્ય લખો.**

## કાર્ય-પત્રિકા-૨

**પ્ર.૧ સાચી જોડણી પર વર્તુળ કરો.**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧) | ભકીત | ભકતી | ભક્તિ | ૨) | વીનય | વિનય | વનિય |
| ૩) | વિવેક | વીવેક | વિવૈક | ૪) | સંસ્કાર | સસકાર | સસ્કાર |
| ૫) | શિક્ષાણ | શિક્ષણ | શીક્ષણ | | | | |

**પ્ર.૨ નીચેના ચિત્રનું અવલોકન કરી તે વિશે સાત થી દસ વાક્ય લખો.**



## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ જવાબની શોધખોળ.**

૧) બાળકને દાદા અને નાના વહાલા છે.
૨) બાળકને દાદી અને નાની પ્યારા છે.
૩) દાદા, દાદી, નાના અને નાની રમે છે.
૪) ભક્તિના, વિનય, વિવેક, જ્ઞાન અને શિક્ષણનો સંચયના સંસ્કારો મળે છે.
૫) દાદા-દાદી આપણને વિવેક અને વિનયનો પાઠ ભણાવતા.

**જ.૨ કવિતામાંથી પ્રાસયુક્ત શબ્દોની જોડી શોધીને લખો.**

૧) રમતા - વરસાવતા
૨) કરાવતા - સંભળાવતા

**જ.૩ સમાનાર્થી શોધીને લખો.**

૧) આરાધના ૨) પ્રેમ ૩) વિનમ્રતા ૪) વર્ષા
૫) સભ્યતા ૬) શિક્ષણ ૭) ડહાપણ

**જ.૪ કાવ્યપંક્તિ જોડીને નીચે ફરીથી લખો.**

(૧-૫), (૨-૪), (૩-૩), (૪-૨), (૫-૧)

**જ.૫ જાતિ બદલો.**

૧) દાદી ૨) નાની ૩) શેઠાણી ૪) ઘોડી ૫) હાથણ

**શબ્દ રમત : નામ - સંજ્ઞા**

| છોકરા | છોકરીઓ | શહેર | પ્રાણી | સમૂહ | ભાવ |
|---|---|---|---|---|---|
| ૨. દેયાન | નિષ્ઠા | વાપી | કૂતરો | કાફલો | ખટાશ |
| ૩. હર્ષ | દિવીજા | મુંબઈ | વાંદરો | ઝૂમખો | પ્રેમ |
| ૪. અથર્વ | રાધા | સુરત | બિલાડી | ગોધણ | દુઃખ |
| ૫. સ્મિત | ફેની | વલસાડ | ભેંસ | ધણ | હાસ્ય |

**જ.૬ વિદ્યાર્થીઓ પોતાની રીતે લખશે.**

## કાર્ય-પત્રિકા જવાબ - ૧

**'મારું કુટુંબ' વિશે ૧૦ વાક્ય લખો.** (વિદ્યાર્થીઓ જવાબ સ્વભાષામાં લખશે.)

## કાર્ય-પત્રિકા જવાબ - ૨

**જ.૧ સાચી જોડણી પર વર્તુળ કરો.**

૧) ભક્તિ ૨) વિનય ૩) વિવેક ૪) સંસ્કાર ૫) શિક્ષણ

**જ.૨ નીચેના ચિત્રનું અવલોકન કરી તે વિશે સાત થી દસ વાક્ય લખો.**

- અહીં ઉપરના ચિત્રમાં નદીના કિનારે મેળો ભરાયેલો છે.
- બીજી બાજુ પરિવારના સભ્યો નદીના પ્રવાસનો આનંદ માણી રહ્યા છે.
- બાળક રેતમાં રમી રહી છે.
- બાળક નદીના કિનારે હોડીનો આનંદ માણી રહ્યો છે.
- માતા-પિતા શાંતિથી બેસીને ફળોનો અને હળવા નાસ્તાનો આનંદ માણી રહ્યા છે.

# ૧૩ જળનું મૂલ્ય

## પાઠની રૂપરેખા

**જળનું મૂલ્ય**

(૧) સૌરાષ્ટ્રના અંતરિયાળ વિસ્તારમાં દુકાળ પડવો. શાળાના શિક્ષક દ્વારા નવતર પ્રયોગ કરવો.

(૨) દરેક બાળકો પાસેથી વાસણ ધોઈને જે પાણી ફેંકી દે એ પાણી બાટલીમાં ભરીને શાળામાં લાવવા કહ્યું.

(૩) શિક્ષક દ્વારા કુદરતી સંપત્તિનું મહત્ત્વ સમજાવવું.

(૪) વિદ્યાર્થીઓના પાણીના પ્રયોગ દ્વારા બાગ ૨૦ દિવસમાં લીલોછમ થવો.

(૫) વિદ્યાર્થીઓને રીસાયકલ, રિયુઝ, રીડ્યુસનું મહત્ત્વ સમજાવવું.

## સામાન્ય ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓ કુદરતી સંપત્તિની સાચવણીનું મહત્ત્વ સમજશે.
- વિદ્યાર્થીઓ પાણીનું મહત્ત્વ અને તેની બચત વિશેનું જ્ઞાન મેળવશે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) વાર્તાની સમજણ આપવી ૨) નાટ્યશૈલીનો વિકાસ કરવો

૩) કથન, વાંચન, લેખન અને શ્રવણ-શક્તિનો વિકાસ કરવો.

## અભિપ્રેરણા

૧) વિદ્યાર્થીઓ સાથે પાણી વિશે ચર્ચા કરી તે વિશે વધુ જ્ઞાન આપશે.

૨) શિક્ષક વિદ્યાર્થીઓને Youtube પર Video બતાવશે.

## શિક્ષણ પ્રવૃત્તિ

૧) શિક્ષક વિદ્યાર્થીઓને જુદા જુદા ચાર સમૂહમાં વિભાજિત કરશે.

૨) દરેક વિદ્યાર્થીઓને પાઠના મહત્ત્વના મુદ્દાને નાટ્યસ્વરૂપે ભજવણી કરવાની સમજણ આપશે.

૩) વિદ્યાર્થીઓ તૈયારી માટે યોગ્ય સમય આપશે.

૪) વિદ્યાર્થીઓ આત્મવિશ્વાસ અને યોગ્ય હાવભાવ સાથે પાઠને નાટ્ય સ્વરૂપે ભજવશે.

૫) શિક્ષિક માત્ર મદદકર્તાની ભૂમિકા ભજવશે.

૬) આમ નાટ્ય સ્વરૂપે વિદ્યાર્થીઓ પાઠની સમજણ સ્વઅધ્યન દ્વારા મેળવશે.

## પ્રતિભાવ

૧) ઉત્તમ નાટ્યની રજૂઆતની પ્રશંસા કરવી. ૨) જરૂર પડે ત્યાં સવાંદ ઉચ્ચારણમાં માર્ગદર્શન આપવું.

## મૂલ્યાંકનના આધાર બિંદુ

૧) સમૂહ રજૂઆત
૨) ભાષાશૈલીનો વિકાસ
૩) નાટ્યમાં વ્યક્તિગત રજૂઆત

## સામાન્ય ખામીઓ

૧) રજૂઆત સંબંધી ખામીઓ
૨) વાક્યરચના ગોઠવણમાં ખામીઓ

## નિવારણ

૧) શિક્ષક વિદ્યાર્થીઓની નાટ્ય રજૂઆત દરમ્યાન જે ખામીઓ હશે તેની યોગ્ય રજૂઆત માટે ભાર મૂકશે. સાથોસાથ વાક્યરચનાની ગોઠવણ પર પણ ભાર મૂકશે.

## અંતઃ વિષય દૃષ્ટિકોણ

૧) આ પાઠ સામાજિક વિજ્ઞાન, પર્યાવરણ, ભાષા જેવા વિષયોને આવરી લે છે.

## પ્રવૃત્તિ

૧) તમારા મિત્ર સાથે મળીને 'પાણી' ના દસ જુદા જુદા નામ શોધીને લખો.

## રચનાત્મક અભિગમ

## સામાન્ય વિદ્યાર્થીઓ માટે

૧) દુકાળ ક્યારે આવે છે?
૨) આ પાઠમાંથી તમને શું શીખવા મળ્યું.

## મધ્યમ વિદ્યાર્થીઓ માટે

૧) પાણીના મહત્ત્વ વિશે ૧૦ વાક્ય લખો.
૨) આજકાલ પાણીની સમસ્યા કેમ ઊભી થાય છે? તે વિશે પાંચ વાક્ય લખો.

## ઉત્તમ વિદ્યાર્થીઓ માટે

૧) 'પાણી આપણું જીવન છે' તે વિશે પાંચ વાક્ય લખો.
૨) જળ પર ત્રણ-ચાર પંક્તિની કવિતા લખો.

## ગૃહકાર્ય

- તમે સવારથી સાંજ સુધીમાં ક્યારે ક્યારે પાણીનો ઉપયોગ કરો છો તેની યાદી બનાવીને લખો.

## કાર્ય-પત્રિકા-૧

**પ્ર.૧ 'જળના મહત્ત્વ' વિશે ૧૦ વાક્ય તમારા શબ્દમાં લખો.**

**પ્ર.૨ 'જળ' વિશે એક નાનકડું સૂત્ર લખો.**

૧) ઉ.દા. 'જળ એ જીવન છે.'

## કાર્ય-પત્રિકા-૨

**પ્ર.૧ નીચેના ચિત્રનું અવલોકન કરી તે વિશે ૭ થી ૧૦ વાક્ય લખો.**





## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ જવાબની શોધખોળ**

૧) સૌરાષ્ટ્રમાં દુકાળ પડ્યો હતો એટલે પાણીની અછત હતી.

૨) દુકાળના કારણે બાગો સૂકાઈ ગયા હતા.

૩) બાળકોએ ઘરેથી વાસણ ધોઈને જે પાણી ફેંકી દે તે પાણી બાટલીમાં ભરીને શાળાનાં બાગમાં પાણીનું સિંચન કર્યું.

૪) બાળકોએ ૨૦ દિવસમાં બાગ લીલોછમ બનાવ્યો હતો.

૫) વૃક્ષ એ કુદરતી સંપત્તિ છે. કુદરતી સંપત્તિને આપણે જે સ્વરૂપે વસ્તુ આપીએ તેને પ્રેમથી લે છે.

૬) અંતે દેયાન બોલ્યો, ‘‘કુદરતી સંપત્તિનું આપણે હંમેશા રિસાયકલ, રિયુઝ અને રિડ્યુસ કરવું જોઈએ.

**જ.૨ એક શબ્દમાં જવાબ લખો.**

૧) ધાણી ગામ ૨) પુષ્કરભાઈ ૩) બાટલીમાં ૪) પાણી

**જ.૩** ૧) હું બ્રશ કરતી વખતે લોટામાં પાણી લઈને બ્રશ કરીશ.

૨) ન્હાવા અને હાથપગ ધોવા માટે જરૂર પૂરતુ જ પાણી લઈશ.

**જ.૪ કોણ બોલે છે તે લખો.**

૧) દેયાન ૨) સાહેબ ૩) દેયાન

**જ.૫ નીચેનામાંથી શું કરાય, શું ન કરાય તે લખો. જે કરાય તેની સામે ✓ કરો. જે ન કરાય તેની સામે × કરો.**

(૧-×), (૨-×), (૩-×), (૪-✓), (૫-×), (૬-×)

**જ.૬ સમાનાર્થી શબ્દની શોધખોળ કરી તેનો વાક્યમાં પ્રયોગ કરો.**

૧) અનાવૃષ્ટિ ૨) જળ ૩) ઉપવન ૪) નિશાળ ૫) અછત

૧) વરસાદ ઓછો પડ્યો હોવાના કારણે અમારા ગામમાં દુકાળ પડ્યો છે.

૨) પાણી એ નૈસર્ગિક સંપત્તિ છે. ૩) બાગ એ ફૂલોથી શોભે છે.

૪) શાળામાંથી અમને જ્ઞાન મળે છે. ૫) ધાણી ગામમાં પાણીની તંગી છે.

**જ.૭ વિરોધી લખો.**

૧) સૂકોભટ ૨) દૂર ૩) બહાર ૪) ગમ, દુઃખી ૫) શોક ૬) નિરુત્સાહ

**જ.૮ નીચેના શબ્દનો ઉપયોગ કરી 'પાણી' વિશે વાક્ય લેખન કરો.**

૧) મુખ્ય જરૂરિયાત ૨) વરસાદ ૩) વૃક્ષો ૪) પીવામાં
૫) વનસ્પતિ સૃષ્ટિ ૬) જીવન

**જ.૯ નીચેના પાણીના સ્રોત આપેલા છે. તેને યોગ્ય ક્રમમાં ગોઠવો.**

૧) ઝરણું ૨) તળાવ ૩) નદી ૪) સમુદ્ર

## કાર્ય-પત્રિકા જવાબ - ૧

**જ.૧ 'જળના મહત્ત્વ' વિશે ૧૦ વાક્ય તમારા શબ્દમાં લખો.**

૧) જળનું રક્ષણ કરવું એ આપણી ફરજ છે.
૨) જળની જાળવણી ખૂબ જરૂરી છે.
૩) જળનું સફર પૃથ્વી પર ઓછુ થઈ રહ્યું છે.
૪) જળ સૃષ્ટિના દરેક જીવ માટે ખૂબ ઉપયોગી છે.
૫) જળ દરેક મનુષ્યને નાનાથી લઈને મોટા દરેક કાર્ય માટે ખૂબ ઉપયોગી છે.
૬) જળના રક્ષણ માટે વરસાદી પાણીની જાળવણી કરવી ખૂબ જરૂરી છે.
૭) દરરોજ ઘરવપરાશના કાર્યમાં જેમ બને તેમ પાણીનો ઉપયોગ ડોલમાં ભરીને કરવો.
૮) હાથ ધોતી વખતે કે બ્રશ કરતી વખતે નળને બંધ રાખવો.
૯) ગાડી ધોતી વખતે પણ ડોલમાં પાણીનો ઉપયોગ કરવો, પાઈપનો ઉપયોગ કરવો નહી.
૧૦) જળ એ જ જીવન છે.

## કાર્ય-પત્રિકા જવાબ - ૨

**જ.૧ નીચેના ચિત્રનું અવલોકન કરી તે વિશે સાત થી દસ વાક્ય લખો.**

- અહીં ઉપરના ચિત્રમાં પાણીનો બગાડ અને બચાવ વિશેની વાત છે.
- કાકી કપડા ધોઈ રહ્યા છે પણ નળ એમનો એમ ચાલુ જ છે. જેના કારણે પાણીનો બગાડ થઈ રહ્યો છે.
- બીજા ચિત્રમાં બાળક ગાડી ધોઈ રહ્યો છે. પાણીનો બગાડ ઓછા પ્રમાણે થઈ રહ્યો છે.
- ત્રીજા ચિત્રમાં બાળકી પાણી પાઈપ સાથે રમી રહી છે. પાણીનો જરૂર કરતા વધારે બગાડ કરી રહી છે.

# ૧૪ આ વાત કદી ના ભૂલાય

## કાવ્યની રૂપરેખા

**આ વાત કદી ના ભૂલાય**

(૧) સારી વાતોની વાત કરવામાં આવી છે.

(૨) અવાજ કરીને ખાવાનું ન ખવાય કે પાણી ન પીવાય.

(૩) આપણાથી નાનાને પ્રેમ કરવો. મોટાને નમન કરવું. સરખી ઉંમર વાળા સાથે મૈત્રીભાવ કરવો.

(૪) - રાડો પાડીને વાત ન કરવી.
- થાક્યાને સૂવા દેવા.
- અજાણ્યાને મદદ કરવી.

(૫) સવારથી સાંજ સુધી દરેક કાર્યમાં પ્રભુને યાદ કરવા.

## સામાન્ય ઉદ્દેશ્ય

૧) વિદ્યાર્થીઓ સારી રીતભાતનું મહત્ત્વ સમજશે.

૨) વિદ્યાર્થીઓ સારી રીતભાત અને ખરાબ રીતભાત વચ્ચેનો ભેદ સમજશે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

૧) કાવ્યગાનનું મહત્ત્વ સમજશે. ૨) કાવ્યની રજૂઆત કરતા શીખશે.

## અભિપ્રેરણા

૧) શિક્ષક વિદ્યાર્થીઓને Youtube પરથી ''ગોબરો મનુ'' વાર્તા બતાવી તે સંબંધિત ચર્ચા કરશે.

## શિક્ષણ પ્રવૃત્તિ

૧) શિક્ષક શરૂઆતમાં વિદ્યાર્થીઓને પાંચ થી છ ખરાબ આદતોને નાટ્ય સ્વરૂપે રજૂઆત કરીને બતાવશે. તે વિશે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરશે.

૨) શિક્ષક વિદ્યાર્થીઓને પાંચ થી છ સારી આદતોને નાટ્ય સ્વરૂપે રજૂઆત કરીને બતાવશે. તે વિશે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરશે.

૩) આમ બે ચર્ચાને આધારે કાવ્યની સમજૂતી સ્પષ્ટ કરશે.

## પ્રતિભાવ

૧) ઉત્તમ વ્યક્તિગત ચર્ચાની પ્રશંસા ૨) જરૂર પડે ત્યાં સલાહ-સૂચન આપવું.

## મૂલ્યાંકનના આધાર બિંદુ

૧) વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ • કાવ્યનું ગાન • ઉચ્ચારણાની શુદ્ધતા + શબ્દભંડોળ

## સામાન્ય ખામીઓ

૧) ચર્ચા દરમ્યાન ઉદ્ભવતી સમસ્યા

## નિવારણ

શિક્ષક જરૂર પડે ત્યાં ગુજરાતી શબ્દનાં વધુ ઉપયોગ પર ભાર મૂકશે.

## અંતઃ વિષય દૃષ્ટિકોણ

૧) આ કાવ્યને દરેક વિષયો સાથોસાથ સભ્યતા અને વર્તન સાથે આવરી લેવામાં આવશે.

## પ્રવૃત્તિ

૧) કોઈ પણ બે સારી આદતનું ચિત્ર બનાવો.

## રચનાત્મક અભિગમ

## સામાન્ય વિદ્યાર્થીઓ માટે

૧) આદતો એટલે શું?

૨) તમારી કોઈ પણ પાંચ આદતો લખો.

## મધ્યમ વિદ્યાર્થીઓ માટે

૧) સારી આદતના મહત્ત્વ વિશે પાંચ વાક્ય લખો.

૨) ખરાબ આદત વિશે પાંચ વાક્ય લખો.

## ઉત્તમ વિદ્યાર્થીઓ માટે

૧) 'જો હું પ્રભુ હોય તો' વિશે પાંચ વાક્ય લખો.

૨) કાવ્યમાં વપરાયેલી સંજ્ઞા શોધીને લખો.

## ગૃહકાર્ય

૧) તમારા મિત્રની કોઈ પણ બે આદતો વિશે લખો.

## કાર્ય-પત્રિકા-૧

**પ્ર.૧** કાવ્યમાં વર્ણવેલી કોઈ પણ બે સુટેવો લખો.



**પ્ર.૨** કાવ્યમાં કઈ કઈ કુટેવો દૂર કરવાની વાત કરી છે ?

**સમાનાર્થી શબ્દોની શોધખોળ**

૧. પ્રભુ ૨. ભોજન ૩. વંદન ૪. મદદ

## કાર્ય-પત્રિકા-૨

**પ્ર.૧ નીચેના સાધનો તમે ક્યારે ઉપયોગ કરશો તે નીચેના વાક્યો સાથે જોડો.**

| | | | |
|---|---|---|---|
| ૧. |  | ક. | માથુ ઓળવા માટે |
| ૨. |  | ખ. | નખ કાપવા માટે |
| ૩. |  | ગ. | શરીર પરનો ગંદો મેલ સાફ કરવા |
| ૪. |  | ઘ. | નાક સાફ કરવા |
| ૫. |  | ચ. | કચરો નાંખવા |
| ૬. |   | છ. | દાંત સાફ કરવા |

## પાઠ્યપુસ્તકના જવાબો

**જ.૧ જવાબની શોધખોળ**

૧) આ કાવ્યમાં સારી આદતોની વાત કરવામાં આવી છે. ૨) કચ કચ કરતાં ખાંડ ન ખવાય.
૩) કાવ્યમાં પ્રભુને સવારે ઊઠીને, બપોરે ભોજન કરતા અને રાતે સૂતા પહેલા યાદ કરવા કહે છે.
૪) આ કાવ્યમાંથી સારી રીતભાત કેળવવાનું મૂલ્ય મળે છે.

**જ.૨ એક શબ્દમાં જવાબ લખો.**

૧) વાતો ૨) મદદ ૩) પ્રભુને પ્રાર્થના ૪) સરખા સાથે ૫) નમન ૬) લાડ

**જ.૩ કાવ્યપંક્તિ પૂર્ણ કરો.**

૧) આ વાત કદી ના ભૂલાય
કચ કચ કરતા ખાંડ ના ખવાય
ઘૂંટ ઘૂંટ કરતા પાણી ના પીવાય
ઘસ ઘસ કરતા પગ ના ઘસાય
આ વાત કદી ના ભૂલાય

૨) આપણાથી મોટાને નમન કરાય
આપણાથી નાનાને લાડ કરાય
આપણાથી સરખાની દોસ્તી થાય

**જ.૪ સમાનાર્થી શબ્દોની શોધખોળ**

૧) જળ ૨) મિત્રતા ૩) વહાલ ૪) નમસ્કાર

**જ.૫. તમારી કોઈ પણ બે કુટેવો અને સુટેવો નીચેના વર્તુળમાં લખો.** (વિદ્યાર્થીઓ પોતાની રીતે લખશે.)

## કાર્ય-પત્રિકા જવાબ - ૧

**જ.૧** સુટેવો ૧) આપણાથી મોટાને નમન કરાય. ૨) સવારે પ્રભુને યાદ કરાય.

**જ.૨** આ કાવ્યમાં (૧) કચ કચ કરતા ખાંડ ન ખવાય, (૨) ઘૂંટ ઘૂંટ કરતા પાણી ના પીવાય અને (૩) ઘસ ઘસ કરતા પગ ના ઘસાય.

**જ.૩ સમાનાર્થી શબ્દોની શોધખોળ**

૧. દેવ, ઈશ્વર ૨. જમણ ૩. નમસ્કાર ૪. સહાય

## કાર્ય-પત્રિકા જવાબ - ૨

**જ.૧ નીચેના સાધનો તમે ક્યારે ઉપયોગ કરશો તે નીચેના વાક્યો સાથે જોડો.**

(૧-છ), (૨-ઘ), (૩-ચ), (૪-ક), (૫-ખ), (૬-ગ)

# ૧૫ ગુજરાતી + અંગ્રેજી મહિના

**ઉદ્દેશ્ય**

મહિનાનો રોજિંદા જીવનમાં ઉપયોગ સમજશે.

## કાર્ય-પત્રિકા-૧

પ્ર.૧ કોઈ પણ ચાર ગુજરાતી મહિનાનાં નામ લખો.

પ્ર.૨ 'આસો' મહિનામાં આવતા કોઈ પણ બે તહેવારનાં નામ લખો.

પ્ર.૩ શ્રાવણ મહિનામાં આવતા ત્રણ તહેવારનાં નામ લખો.

પ્ર.૪ ગણેશ ચતુર્થી કયા મહિનામાં આવે છે?

પ્ર.૫ હોળી કયા મહિનામાં આવે છે?

પ્ર.૬ કોઈ પણ ત્રણ અંગ્રેજી મહિનાનાં નામ લખો.

## કાર્ય-પત્રિકાના જવાબો

જ.૧ ચાર ગુજરાતી મહિના : (૧) કારતક (૨) ફાગણ (૩) મહા (૪) અષાઢ

જ.૨ 'આસો' મહિનામાં (૧) દિવાળી (૨) નવરાત્રિ તહેવારો આવે છે.

જ.૩ શ્રાવણ મહિનામાં (૧) જન્માષ્ટમી (૨) રક્ષાબંધન (૩) શીતળા સાતમ આ ત્રણ તહેવારો આવે છે.

જ.૪ ગણેશ ચતુર્થી ભાદરવા મહિનામાં આવે છે.

જ.૫ હોળી ફાગણ મહિનામાં આવે છે.

જ.૬ ત્રણ અંગ્રેજી મહિના : (૧) મે (૨) જૂન (૩) જુલાઈ